
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી

**ચીમનલાલ ગોકળદાસ શાહ**

તા. ૧૫-૭-૫૪ : અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૧૦] [ક્રમાંક : ૨૨૬

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय-दर्शन


| અંક : | વિષય : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| ૧. | હિંસા–અહિંસા વિવેક : | પૂ પં. શ્રીધુરંધરવિજયજી | ૧૬૯ |
| ૨. | ગુફાઓ અને જૈન શ્રમણો : | શ્રી. મોહનલાલ દી. ચોકસી : | ૧૭૨ |
| ૩. | ઉદયન–વિહાર : | પં. શ્રી. લાલચંદ્ર ભ. ગાંધી : | ૧૭૪ |
| ૪. | સં. ૧૫૦૪ કે વિજયયંત્ર–પટ્ટકા લંદન–પ્રવાસ : | શ્રી. અગરચંદજી ભંવરલાલજી નાહટા : | ૧૭૭ |
| ૫. | કર્મમીમાંસા : | માસ્તર શ્રી. ખુબચંદ કેશવલાલ : | ૧૮૧ |
| ૬. | સિદ્ધાચલગજલ (યતિ કલ્યાણ રચિત) | પૂ. મુ. શ્રીકાંતિસાગરજી : | ૧૮૪ |
| ૭. | જીરાવલા પાર્શ્વનાથ–તીર્થસ્થાપનાનો સમય : | પં. શ્રી. લાલચંદ્ર ભ. ગાંધી : | ૧૯૦ |
| ૮. | ‘રેલુઆ’ સંજ્ઞક પાંચ રચનાયેં : | શ્રી. અગરચંદજી નાહટા : | ટાઈટલ પેજ ૩ |


## નવી મદદ

૨૫) પૂ. આ. શ્રી. આનંદસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી ખેતિયા શ્રીસંઘ તરફથી પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે : **ખેતિયા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष : १९ | વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૪ | क्रमांक |
| अंक : १० | અષાઢ સુદિ ૧૫ ગુરુવાર : ૧૫ જુલાઈ | २२६ |

# હિંસા-અહિંસા વિવેક

લેખક : પૂ. પંન્યાસ શ્રીધુરંધરવિજયજી

## (૧) હિંસાની સમજણ—

**વિશ્વમાં** કેટલાક શબ્દો અને તેને અનુરૂપ કેટલીક વિચારણાઓ એવી હોય છે કે જે જગતના દરેક સમજુ જીવોને માન્ય હોય છે. 'હિંસા ન કરવી' એમાં કોઈપણ સુજ્ઞ વિરોધ નહિ કરે પણ હિંસા કહેવી કોને ? એ વિચારમાં ઘણા મતો પડી જશે. હિંસાનું સ્વરૂપ–સત્ય સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી જીવ રુચિ અને શક્તિ હોવા છતાં હિંસાથી બચી શકતો નથી. કેટલીક વખત હિંસા અને અહિંસાના સ્વરૂપના ગોટાળાને કારણે જીવ જ્યાં ખરેખર હિંસા હોય છે ત્યાં અહિંસા માને છે અને મનાવે છે. એ જ પ્રમાણે જ્યાં અહિંસા હોય છે ત્યાં હિંસા માને છે અને મનાવે છે. આ પરિસ્થિતિમાં હિંસાથી બચવા માટે અને અહિંસાને ઉપાસવા માટે તેનો વિવેક જાણવો જરૂરી છે.

હિંસા એ શું છે ? એ જ્યાં સુધી ખરેખર ન સમજાય ત્યાં સુધી તેનાથી જીવ છૂટો થઈ શકતો નથી. હિંસા છોડવા માટે તેનું વાસ્તવિક સ્વરૂપ જાણવું આવશ્યક છે. હિંસાનું સ્વરૂપ આ છેઃ—

**प्रमत्तयोगात् प्राणव्यपरोयणं हिंसा** ॥ ७ ॥ ८ ॥ (તત્ત્વાર્થાધિગમ.) પ્રમાદવાળો જે જીવ તેની જે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ તેથી થતું જે પ્રાણવ્યપરોપણ–પ્રાણથી છૂટા પાડવું–તે હિંસા છે. હિંસાનું આ સ્વરૂપ સાંગોપાંગ છે. હિંસા કરીને જીવ કર્મથી ભારે થાય છે, તેને પરિણામે તેને દુર્ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે, તે હિંસા–ઉપરનું સ્વરૂપ બરાબર ખ્યાલમાં હોય તો તરત ઓળખાઈ જાય છે. ઉપરના સ્વરૂપથી નીચે પ્રમાણે વિચારણા ફલિત થાય છેઃ

૧ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાનો વિચાર કરે તે હિંસા છે.

૨ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાનાં વચન બોલે તે હિંસા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાની કાયચેષ્ટા કરે તે હિંસા છે.
૪ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વિચાર–વાણી સેવે તે હિંસા છે.
૫ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વિચાર–કાયચેષ્ટા સેવે તે હિંસા છે.
૬ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વાણી–કાયચેષ્ટા સેવે તે હિંસા છે.
૭ પ્રમાદી જીવ પ્રાણ છૂટા પાડવાના વિચાર–વાણી–કાયચેષ્ટા સેવે તે હિંસા છે.

ઉપરના સાત વિકલ્પોમાં–ભેદોમાં હિંસા માત્ર આવી જાય છે. સ્વાત્મ–હિંસા, પરાત્મ હિંસા, માનસિક, વાચિક અને કાયિક હિંસા; એથી થતી હિંસા અને ત્રણથી હિંસા એમ જુદી જુદી સર્વ હિંસાઓ ઉપરના વિકલ્પોમાં સમાઈ જાય છે.

હિંસાનું આ સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારણીય છે. જીવ પ્રમત્ત હોય, તેની પ્રવૃત્તિ થતી હોય અને પ્રાણનું વ્યપરોપણ થાય ત્યારે હિંસા થાય છે–એટલે હિંસામાં પ્રાણના વ્યપરોપણ કરતાં પણ પ્રમત્ત–જીવની પ્રવૃત્તિ પ્રધાનતા ભોગવે છે.

જીવનું પ્રાણવ્યપરોપણ એટલે પ્રાણથી છૂટા પડવું તે બે પ્રકારે છે. એક સ્થૂલ અને બીજું સૂક્ષ્મ. સ્થૂલ પ્રાણવ્યપરોપણ પણ અંશથી અને સર્વથી એમ બે પ્રકારે છે. સૂક્ષ્મ પ્રાણ–વ્યપરોપણ અલ્પાંશે અને મહાંશે એમ બે ભેદે છે. સૂક્ષ્મ પ્રાણવ્યપરોપણ એટલે અભ્યન્તર પ્રાણથી છૂટા કરવાપણું. અભ્યન્તર પ્રાણથી જીવ એક રીતે છૂટો પડતો નથી–પાડી શકાતો નથી. અભ્યન્તર પ્રાણ જે દબાય છે–કાર્યક્ષમ રહેતા નથી એ જ તેનું છૂટા પડવાપણું છે. જીવ અભ્યન્તર પ્રાણથી સર્વથા છૂટો પડતો નથી.

જ્યાં પ્રમત્ત યોગ છે ત્યાં ઉપરના પ્રાણવ્યપરોપણમાંથી કોઈ પણ પ્રકારનું પ્રાણવ્યપરોપણ અવશ્ય હોય છે. પણ ઉપરના પ્રાણવ્યપરોપણમાંથી કોઈ એક પ્રકારનું પ્રાણવ્યપરોપણ થતું હોય ત્યાં પ્રમત્ત યોગ હોય અને ન પણ હોય.

**શંકા**—ઉપરના સ્વરૂપથી એટલું ચોક્કસ સમજાય છે કે પ્રાણવ્યપરોપણ અને પ્રમાદ-યોગ એ બેમાં હિંસામાં અગત્યનો ભાગ પ્રમાદ ભજવે છે. યોગ બીજી રીતે કહીએ તો પ્રમાદનો યોગ એ હિંસામાં સર્વસ્વ છે તો–**प्रमादयोग** કે **प्रमत्तयोगः-हिंसा**–એ પ્રમાણે સૂત્રમાં ન કહેતાં **प्रमत्तयोगात् प्राणव्यपरोपणम्**–એમ કહેવાની શી જરૂર પડી? ટૂંકમાં કહીએ તો હિંસાના સ્વરૂપમાં પ્રાણવ્યપરોપણ પદ શા માટે છે?

**સમાધાન**—પ્રાણવ્યપરોપણ એ હિંસાની ખરેખરી સ્થિતિ છે. જો પ્રાણવ્યપરોપણ એમ કહેવામાં ન આવે અને 'પ્રમત્તયોગ' એટલું જ કહેવામાં આવે તો હિંસા ખરેખર શું છે એ ન સમજાય. હિંસા એટલે પ્રાણવ્યપરોપણ. તે શાથી થાય છે? પ્રમત્ત જીવના યોગથી. એટલે પ્રમત્ત જીવનો યોગ એ કારણ છે અને પ્રાણવ્યપરોપણ એ કાર્ય છે.

* * *

વિશ્વમાં અનંતાનંત જીવો છે. સર્વ જીવો એક પ્રકારના નથી. જુદા જુદા પ્રકારના છે. સર્વ જીવોને મુખ્ય વિભાગમાં વહેંચી દઈને સમજવા હોય તો તે ચાર પ્રકારમાં વહેંચી દેવાય. હિંસાના સ્વરૂપમાં આ ચાર પ્રકારની સમજણ વિશેષ કામમાં લાગે છે. સૂક્ષ્મ જીવો, બાદર જીવો, ત્રસ જીવો અને સ્થાવર જીવો — એ તેના ચાર પ્રકાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧. આંખથી ન દેખી શકાય એવા શરીરવાળા જીવો સૂક્ષ્મ છે.

૨. આંખથી દેખી શકાય એવા શરીરવાળા જીવો બાદર છે.

૩. હલનચલન કરી શકે એવા જીવો ત્રસ છે.

૪. હલનચલન ન કરી શકે એવા જીવો સ્થાવર છે.

જે જીવો સૂક્ષ્મ છે તેનું પ્રાણવ્યપરોપણ થતું નથી. બીજાનું પ્રાણવ્યપરોપણ તેઓ કરી શકતા નથી અને તેઓનું પ્રાણવ્યપરોપણ બીજા કરી શકતા નથી એ વસ્તુસ્થિતિ છે, છતાં તે જીવોને પ્રબલ પ્રમાદ દશા છે અને તે કારણે તેઓનો કાયયોગ ભયંકર પ્રાણવ્યપરોપણની શક્યતા જેટલો કર્મબંધ કરાવે છે. બીજા જે જીવો છે તે સૂક્ષ્મ જીવોને પ્રાણથી છૂટા પાડી શકતા નથી. તેઓને પણ જો તેવા પ્રકારનો — પ્રમત્ત દશાવાળો યોગ ચાલુ હોય તો તેઓના પ્રાણવ્યપરોપણને નિમિત્તે થતો કર્મબંધ થાય છે.

સૂક્ષ્મ સિવાયના બાકીના ત્રણે પ્રકારના જીવોનું પ્રાણવ્યપરોપણ પ્રમાદને પરવશ પડેલા જીવો અનેક પ્રકારના સ્વાર્થ સાધવા માટે કરે છે અને કર્મ બાંધે છે.

મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ છે. એ પ્રમાદવાળો આત્મા તે પ્રમત્ત છે. જીવમાં પ્રમાદ ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. જેટલા પ્રમાણમાં પ્રમાદનું બળ ઓછુંવત્તું હોય છે તેટલા પ્રમાણમાં જીવની પ્રમત્ત દશા પણ ઓછીવત્તી હોય છે. જીવની પ્રમત્ત દશા જેટલી તીવ્ર તેટલી તેનાથી થતી હિંસા તીવ્ર અને જેટલી મંદ તેટલી હિંસા પણ મંદ હોય છે.

હિંસાથી છૂટવા ઇચ્છનારે પોતાની પ્રમત્ત દશા દૂર કરવા–સદન્તર દૂર કરવા–ઓછી કરવા સતત પ્રયત્નશીલ રહેવું. પ્રમત્તદશા ઉપર કાપ મૂકવા જે જીવ ઇચ્છતો નથી–તે તરફ જેનું લક્ષ્ય નથી તે કદાચ કેટલીક વખત બહારથી હિંસાથી બચેલો જણાતો હોય તો પણ ખરેખર બચ્યો નથી અને પ્રમત્ત દશા જેની ઘટતી જતી હોય એવા આત્માઓ બહારથી હિંસાથી છૂટેલા ન જણાતા હોય તો પણ વાસ્તવિક રીતે હિંસાથી છૂટતા જતા હોય છે. હિંસાનું પ્રાથમિક–મૂળભૂત સ્વરૂપ આ છે. આ સ્વરૂપને સમજ્યા વગર પોતાના મંતવ્યોને આગળ કરીને વિશ્વમાં અહિંસા ને હિંસાની સેળભેળવાળાં અનેક મંતવ્યો ચાલે છે.

હિંસા એ ખરેખર શું છે ? એ સમજવા ઇચ્છનારે તેના સ્વરૂપમાં જે સેળભેળ થઈ ગઈ છે અને વિશ્વમાં જે સેળભેળવાળા વિચાર વ્યાપક બન્યા છે તેનાથી ચેતતા રહેવું જોઈએ. જો એ મિશ્ર વિચારો સાચા માની લેવાય અને તે પ્રમાણે જીવનનું ઘડતર થાય તો પરિણામે જીવ હિંસાથી બચી શકતો નથી પણ મહાહિંસામાં ફસાઈ પડે છે.

શબ્દથી ગભરાવાની કે લલચાવાની જરૂર નથી. જરૂર તો છે સ્વરૂપથી ગભરાવાની અને લલચાવાની. હિંસાના મંતવ્યોની મીમાંસા હવે પછી કરવામાં આવશે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુફાઓ અને જૈન શ્રમણો

લેખક:—**શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી**

⊙

**એક એવી** માન્યતા પ્રવર્તી રહેલી જોવાય છે કે ગુફાઓના ઉત્પાદક કિંવા ગુફાઓમાં રહી ધ્યાન ધરનાર કેવળ બૌદ્ધ સાધુઓ હતા પણ શોધખોળથી સાબિત થયું છે કે એ માન્યતા સર્વથા સાચી નથી જ. જૈનધર્મી શ્રમણો પણ કર્મનિર્જરા અર્થે ધ્યાનમાં એકાગ્રતા ધારણ કરવાના હેતુથી ગુફાઓનો આશ્રય લેતા હતા. ભારતવર્ષના જુદા જુદા ભાગમાં જે ગુફાઓ આજે જોવાય છે એમાં જૈનધર્મી શ્રમણોના વસવાટવાળી–જૈનધર્મના સાહિત્ય ઉપર પ્રકાશ પાડનાર ચિત્રોવાળી ગુફાઓ પણ છે જ. 'ખંડિયેરોંકા વૈભવ' નામક હિંદી પુસ્તકમાં પુરાતત્ત્વના ઊંડા અભ્યાસી મુનિ શ્રીકાન્તિસાગરજીએ જે વિસ્તારથી એ સંબંધમાં નોંધ લીધી છે એનો અહીં સાર માત્ર રજુ થાય છે.

"જૈન–ગુફાઓ ઠીક પ્રમાણમાં મળી આવી છે. એમાં અધ્યાત્મમાં મગ્ન રહી એકાન્ત શાન્તિનો અનુભવ કરનાર અને આત્મતત્ત્વના રહસ્યમાં અવગાહન કરનાર વ્યક્તિઓ મુખ્યત્વે વસતી હતી. પ્રાકૃતિક વાતાવરણની સાનુકૂળતાથી આવા સ્થાનોમાં ઇષ્ટસિદ્ધિનો યોગ સહજ મેળવી શકાતો. સંસ્કૃતિ, પ્રકૃતિ અને કળાનો ત્રિવેણી સંગમ આત્મામાં કોઈ અનેરો ભાવ પ્રગટાવતો. સ્વભાવિક રીતે જ ચિત્તવૃત્તિઓ સ્થિર થવાનો યોગ ઉત્પન્ન થતો. એમાં ગુફામાંની કોતરેલી કળાપૂર્ણ જિનપ્રતિમાઓના દર્શનનો સહકાર મળતો. રાગ, દ્વેષ, મદ, પ્રમાદ વગેરે દૂષણોથી મુક્ત થવામાં વીતરાગ પ્રતિમાનું અવલંબન ખરેખર અદ્‌ભુત સાધન જેવું નીવડતું. કેટલીક ગુફાઓ તો એવી છે કે જ્યાંથી એકવાર જોયા પછી, ખસવાનું મન નથી થતું! એમાં યથાર્થ રીતે આલેખાયેલ જિનમૂર્તિ અને એ પાછળ શિલ્પકારની લાંબા કાળની સાધના મંત્રમુગ્ધ બનાવી દેતી. પ્રેરણાત્મક જાગૃતિને સર્જન કરવામાં કળાકારે દોરેલી પ્રત્યેક રેખાઓ સુંદર ભાગ ભજવતી. આત્મસ્થ સૌન્દર્યના સાચા દર્શન કરવાના અભિલાષીએ જીવનને સાધનામય બનાવવું જોઈએ. શ્રમણ સંસ્કૃતિનું આ લક્ષણ છે.

વિદેશી શોધકોમાં મી. ફરગ્યુસનનું નામ અગ્રપદે આવે છે. એમણે જૈન સ્થાપત્ય પર પણ પ્રકાશ પાથર્યો છે. પરંતુ જૈનધર્મ અને બૌદ્ધધર્મ વચ્ચે રહેલા ભેદને બરાબર નહીં સમજવાને લીધે ઘણી ભૂલો કરી નાંખી છે. દાખલા તરીકે—રાજગૃહીના સોનભંડારની વાત લઈએ. એમાં જૈનમૂર્તિઓ તથા ધર્મચક્ર કોતરેલાં છે. આ સર્વ બૌદ્ધધર્મના નામે ચઢાવી દેવાયું છે, છતાં એ ભૂલભર્યું છે; કારણ કે ત્યાં જે લેખ કોતરેલ છે એમાં નિમ્ન પંક્તિઓ વંચાય છે—

" १ निर्व्वाणलाभाय तपस्वियोग्ये शुभे गृहेर्हत्प्र[ति]मा प्रतिष्ठिते

२ आचार्यरत्नं मुनिवैरदेवः विमुक्तये कारय दीर्घ(?)तेज "

જૈનસાહિત્યના કેટલાયે ઉલ્લેખો ઉપરથી એનું જૈનત્વ સિદ્ધ થાય છે. વળી પ્રાચીન ગુર્વાવલી અને તીર્થમાળાઓમાં પણ એ સંબંધી વાત છે.

મી. ફરગ્યુસને એક સ્થાન પર લખ્યું છે કે —'જૈનોએ ગુફાઓના સર્જન કર્યાં નથી.' અને બીજે સ્થળે લખે છે કે —'જૈનોના ગુફામંદિર એટલાં જુનાં નથી કે જેટલાં અન્ય બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપ્રદાયોનાં છે. એમાંનું એકાદ પણ નવમી સદી પૂર્વેનું નથી !' આ લખાણ પણ ભ્રમપૂર્ણ છે. વિના રોકટોકે કહી શકાય તેમ છે કે જેટલી પણ અતિપ્રાચીન ગણાતી ગુફાઓ ઉપલબ્ધ થઈ છે, એમાંની ઘણીનું નિર્માણ જૈનો દ્વારા થયેલ છે.

સર્વથી પ્રાચીન ગુફાઓ ગિરનાર, બરાબર અને નાગાર્જુની પહાડીઓમાં આવેલી છે. એમાંની એનો ઓપ તથા સ્નિગ્ધત્વ જોતાં એ મૌર્યકાલીન જણાય છે. વળી બીજી બે આજીવક સંપ્રદાયની છે, જે એક જૈનમાંથી પ્રગટેલો સંપ્રદાય છે. અશોકના પુત્ર દશરથે એનું દાન કર્યું હતું. **ઉદયગિરિ ખંડગિરિની** ગુફાઓ તો આજે વિશ્વવિખ્યાત થયેલી છે જેના નિર્માતા સમ્રાટ ખારવેલ જૈનધર્મી હતા; એ વાત માટે રંચમાત્ર શંકા ધરવાપણું નથી જ. ગ્વાલિયર સ્ટેટ અંતર્ગત ઉદયગિરિ ( ભેલસા )માં ગુપ્તકાલીન જૈન–ગુફા મંદિર છે. એમાં ભગવાન્ શ્રીપાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા હતી, પણ અત્યારે તો કેવલ સર્પની ફણા બાકી રહેવા પામી છે. એમાં એક જૈન લેખ પણ છે. એનું પ્રથમ પદ 'नमः सिद्धेभ्यः' છે અને મુનિશ્રીએ હિંદી પુસ્તકના પાના ૫૩માં એની પંક્તિઓ જુદા જુદા સાત અંકોમાં પ્રગટ કરી છે. અંતમાં લખ્યું છે કે આ લેખ ગુપ્ત સંવત ૧૦૬ નો છે; અને એ વેળા કુમારગુપ્ત પહેલાનું રાજ્ય હતું."

ઉપર મુજબ સામાન્ય ભૂમિકા પછી, જોગીમારા આદિ નામોવાળી ગુફાઓ સંબંધમાં ક્રમસર જોઈશું. એ શ્વેતાંબર સંપ્રદાયની છે કે દિગંબર સંપ્રદાયની છે એ પ્રશ્ન મહત્ત્વનો નથી. મુદ્દાની વાત તો એ છે કે એ સર્વ જૈનધર્મની પ્રાચીનતા પુરવાર કરતા જીવંત પુરાવા છે. એક કાળે ભારતના વિવિધ પ્રદેશોમાં જૈનધર્મની વિજય પતાકા ફરકતી હતી અને તીર્થંકર દેવોની અમૃતવાણી શ્રવણ કરી ઐહિક તેમજ પરલૌકિક કલ્યાણ સાધવામાં રત એવો અનુયાયી વર્ગ નાનોસૂનો નહોતો જ.

યાદ રાખવાનું છે કે જેમ મૂર્તિઓની મોટી સંખ્યા પાછળ સહજ કહી શકાય કે એને પૂજનાર સંખ્યા પણ એથી અતિ ઘણી હોવી જ જોઈએ, તેમ ગુફાઓ અને એમાંની કેટલીકમાં કોતરેલા કે ચિતરેલા સાહિત્યપ્રસંગો, મૂર્તિઓ આદિ દર્શાવે છે કે ધ્યાનમગ્ન બનનાર શ્રમણોની સંખ્યા પણ ઠીક પ્રમાણમાં હતી. વળી, એમાં મૂર્તિવિધાન અને ચિત્રકળાના અભ્યાસીઓ પણ ખરા જ. તેમના માર્ગદર્શન વિના શિલ્પીનાં ટાંકણાં કે ચિત્રકારની પીંછી ઓછી જ આજે વિશ્વને વિસ્મિત કરે તેવાં સર્જન કરી શકે !

પણ આજે આ વણસી જતા વારસા માટે આપણે કેટલી હદે ઉપેક્ષા સેવી રહ્યા છીએ ! એકાદ ખાતુ છે કે જે આ સર્વની નોંધ કરે, અને એનો શૃંખલાબદ્ધ ઇતિહાસ તૈયાર કરે ? કોણ કહે છે કે જૈન સમાજ પાસે ધન નથી ? કદાચ મધ્યમકક્ષી સમાજમાં ઓતપ્રોત થનાર વ્યક્તિ એ સામે નન્નો વદવા જાય તો આપણે ઉજવેલા છેલ્લા પ્રસંગો જ એ સામે સાક્ષીરૂપે ઊભા રહે. ધર્મ માર્ગે ધન ખરચવું એ જરૂર આત્મકલ્યાણનું કારણ છે, છતાં આપણા પૂર્વજોની દીર્ઘદૃષ્ટિ આપણે વીસરી ગયા છીએ એમ નથી લાગતું ? આપણે આજે કાયમી રચના ઊભી કરવાને બદલે માટી–ચૂના આદિની થોડા સમયની રચનાઓ પાછળ દ્રવ્ય ખરચી રહ્યા છીએ. એને શોભાવવા વીજળીની બત્તીઓ અને ઉપરછલ્લા આડંબરમાં પાણી માફક નાણું વાપરતાં અચકાતા નથી. જ્યારે આજે સાહિત્યસર્જન અને ઐતિહાસિક વારસો શોચનીય દશામાં દબાતો પડ્યો છે. હવે દેશકાળનાં એંધાણ પરખાશે ખરાં ?

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદયન-વિહાર

[ ૪ ]

## [ ઐતિહાસિક અનુસંધાન ]

[ ગત અંક ૯ : પૃ. ૧૬૧ થી ચાલુ ]

લેખક. **પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન ગાંધી, ( વડોદરા )**

卐

**મહારાજ** કુમારપાલે સપાદલક્ષ દેશના **શાકંભરીશ્વર આન્ન** ( **અર્ણોરાજ** ) રાજા સાથેના યુદ્ધમાં જે બાહુ-પરાક્રમ દર્શાવ્યું હતું અને વિજય મેળવ્યો હતો, તેની કીર્તિ-ગાથા અનેક મહાકવિઓએ ઉચ્ચારી હતી. તે સમયના શિલાલેખોમાં, તામ્રપત્રોમાં અને તાડપત્રીય પુસ્તિકાઓમાં 'નિજ-ભુજ-વિક્રમ-રણાંગણ-વિનિર્જિત-શાકંભરી-ભૂપાલ' એવું વિશેષણ કુમારપાલ ભૂપાલ સંબંધમાં વપરાયેલું છે. જેસલમેર અને પાટણના જૈન ભંડારોના વર્ણનાત્મક સૂચિપત્રોમાં ( ગા. ઓ. સિ. ) અમે દર્શાવેલ છે, અહીં તેની પુનરુક્તિ નહિ કરીએ. આચાર્ય શ્રીહેમચંદ્રે 'ચૌલુક્યવંશ' અપરનામ સંસ્કૃત 'દ્વ્યાશ્રય મહાકાવ્ય'ના છેલ્લા પાંચ સર્ગોમાં ( ૧૬ થી ૨૦માં ) વિસ્તારથી એનું વર્ણન કર્યું છે. **અર્ણોરાજે** વિજયી **કુમારપાલને** પરણાવવા પોતાની પુત્રી સુરૂપવતી **જલ્હણા** કન્યાને અનેક ઉત્તમ ગજ-રત્નાદિ ભેટ સાથે પાટણ મોકલાવી હતી, તે ત્યાં સર્ગ ૧૯, શ્લો. ૨૧,૫૦ માં જણાવ્યું છે.*

મહારાજા કુમારપાલનો કેટલોક પરિચય મેં '**આચાર્ય શ્રીહેમચન્દ્ર**' ( ઐતિહાસિક પ્રામાણિક પરિચય ) નામના વિસ્તૃત નિબંધમાં પંદરેક વર્ષ પહેલાં આપ્યો છે. 'સુવાસ' માસિકના 'શ્રીહેમચન્દ્રાચાર્ય-વિશેષાંક'માં, તથા 'હૈમસારસ્વત સત્ર' ગ્રંથમાં પ્રકાશિત થઈ ગયેલ છે, જિજ્ઞાસુ ત્યાંથી જોઈ શકશે. કુમારપાલ-પરિચાયક ઐતિહાસિક સાહિત્ય ગ્રંથોનો પણ નામ-નિર્દેશ ત્યાં કર્યો છે.

પાટણના **કુમાર-વિહારનું** સંસ્મરણ પ્રસ્તુત ઉદયન-વિહારની પ્રશસ્તિમાં (શ્લો. ૮૧ માં) કરવામાં આવ્યું છે. તે ચૈત્યમાં શ્રીઆદીશ્વરની રૂપાની પ્રતિમા [દંડનાયક અંબડે] કરાવી હતી-તેમ ત્યાં કરેલા વર્ણનથી જણાય છે. આ પ્રશસ્તિ રચનાર પ્રબંધશતકાર મહાકવિ રામચંદ્રે 'કુમારવિહારશતક' નામના મનોહર સંસ્કૃત કાવ્યમાં પાટણના એ ભવ્ય કુમાર-

---

* "वसता दक्षिणा रम्यं, येन तस्य मुनेः समम् ।
मात्रा सह गुरुं प्रैषीद्, **आन्नस्ते** दातु**मात्मजाम्** ॥
कन्याऽदाद् रेफभुग्न्नूर्**जल्हणा**-नामधेयतः ।
सुरूपधेया सद्भागधेया पितामही-समम् ॥"

-સં. દ્વ્યાશ્રય મહાકાવ્ય ( સર્ગ ૧૯, શ્લો. ૨૧,૫૦ )

—મિ. ભોગીલાલ જ. સાંડેસરાએ 'ઇતિહાસની કેડી' પૃ. ૫૬ માં 'ચન્દ્રલેખાવિજય પ્રકરણ'ની નાયિકા ચન્દ્રલેખા વિદ્યાધરી તે અર્ણોરાજની **બહેન** જલ્હણાદેવી હોવી જોઈએ.' એવું કરેલું અનુમાન વાસ્તવિક લાગતું નથી. એ પ્રકરણરૂપક આધ્યાત્મિક છે. શ્રીહેમચંદ્રાચાર્યે જણાવ્યા પ્રમાણે **જલ્હણા** એ **અર્ણોરાજની** બહેન નહિ, પરંતુ પુત્રી હતી, એ ઉપરના ઉલ્લેખથી સમજી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિહાર જિનમંદિરનો સરસ ખ્યાલ આપ્યો છે. એ કાવ્ય સં. અવચૂરિ અને ગૂજરાતી ભાષાંતર સાથે જૈન આત્માનંદસભા ભાવનગર તરફથી સં. ૧૯૬૬માં પ્રકાશિત થઈ ગયેલ છે.

પાટણના એ 'કુમાર-વિહાર' જૈનમંદિરના મૂલનાયક (શ્રીપાર્શ્વનાથ)ની ડાબી બાજૂએ રહેલા શ્રીઅજિતનાથદેવના વસંતોત્સવ-પ્રસંગે ભજવવા માટે 'ચંદ્રલેખાવિજય' પ્રકરણ રૂપક રચાયેલું મળી આવે છે. જેસલમેર ભંડારના વર્ણનાત્મક સૂચિપત્રમાં (ગા. ઓ. સિ. નં. ૨૧, પ્ર. સન ૧૯૨૩) સંસ્કૃતમાં અપ્રસિદ્ધ ગ્રન્થ-ગ્રન્થકૃતપરિચય (પૃ. ૬૪)માં મેં એનો પરિચય કરાવ્યો છે. તેના કર્તા દેવચંદ્ર કવિ, આચાર્ય શ્રીહેમચંદ્રના શિષ્ય હતા. પંચાંકી એ પ્રકરણરૂપક કુમારપાલની પરિષદ્‌ની પ્રેરણાથી રચાયેલું હતું–એમ ત્યાં કવિએ સૂત્રધારના શબ્દો દ્વારા સૂચવ્યું છે. મેં ત્યાં સંસ્કૃતમાં જણાવ્યું છે કે–'**अर्णोराजमन्थनरूपा कुमारपालवीरत्वसूचिका स्तुतिश्चात्र दृश्यते**।'–અર્થાત્ અર્ણોરાજને મંથન (પરાસ્ત) કરવા રૂપ કુમારપાલની વીરતાને સૂચવતી સ્તુતિ આ રૂપકમાં જોવામાં આવે છે. મારા આ કથનના આશયને ન સમજવાથી કેટલાક સાક્ષરોએ જૂદી રીતે તેનો પરિચય કરાવ્યો છે. સદ્દ્‌ગત સાક્ષર મોહનલાલભાઈ દ. દેશાઈએ સન ૧૯૩૩ના 'જૈન સાહિત્યના ઇતિહાસ' (પૃ. ૨૮૦) માં પેરા ૪૦૧માં જણાવ્યું કે–'**અર્ણોરાજનું મન્થન કરવામાં કુમારપાલનું વીરત્વ સૂચવવા માટેનું આ પ્રશંસાત્મક નાટક છે.**'

મિ. ભોગીલાલ જ. સાંડેસરાએ સન ૧૯૪૫માં પ્રકાશિત 'ઇતિહાસની કેડી' પૃ. ૪૫માં જણાવ્યું છે કે—'કુમારપાલે સપાદલક્ષના રાજા **અર્ણોરાજને હરાવ્યો તે પરત્વે કુમારપાલના વીરત્વને વર્ણવતું આ પ્રશંસાત્મક નાટક** છે. વળી નાટક **કુમારપાલની ખાસ આજ્ઞાથી** લખાયું હોય એ પણ સંભવિત છે.'

—વાસ્તવિક રીતે એ પ્રકરણ રૂપક આધ્યાત્મિક સ્વરૂપનું છે, અને તે પરાક્રમી મહારાજા **કુમારપાલની પરિષદ્‌ની પ્રેરણાથી** રચાયેલું હોઈ પ્રારંભમાં પ્રસંગવશાત્ સૂત્રધારના શબ્દો દ્વારા કવિએ ગદ્ય-પદ્યમાં મહારાજા કુમારપાલનો ઉચિત પરિચય કરાવ્યો છે. તેમાં કુમારપાલે **શાકંભરીશ્વર અર્ણોરાજ**ને તથા **માળવા**ના **બલ્લાલ**ને પરાસ્ત કર્યાનો ઉલ્લેખ છે એથી એ ઘટના બન્યા પછી આ રૂપકની રચના થયેલી સમજી શકાય તેમ છે. આ પ્રકરણ રૂપક હજી અપ્રકાશિત હોઈ એ રૂપકના સૂત્રધારના શબ્દો અહીં દર્શાવવામાં આવે છે—

"**सूत्र०** आदिष्टोऽस्मि सततार्चिततरुणरोहिणीरमण–चूडामणि–चरण–प्रसाद–समासादितोत्कट–**प्रतापा**लंकृत–**राज्यकमला**–विलाससदनस्य,

समराजिर–विजृम्भमाण–प्रचण्ड–दोर्दण्ड–कलित–कोदण्ड–[वि]स्तृत–शिलीमुख–मण्डल–खण्डित–**शाकम्भरीश्वर**–कीर्ति–कुसुमस्य,

**मालवभूपाल–बल्लाल**–मौलिकमलार्चित–रणाङ्गणाधिदेवतस्य, आजन्मनिर्वाहित–**सत्यव्रत**–तिरक( रस्कृ )त–**कुन्तीसुतस्य**, प्रत्यर्थिभूपाल–विलासिनि–निःश्वासपवन–प्रेङ्खोलनानवरत–प्रज्वलिताद्भुत–**प्रताप**–दहनस्य,

निरन्तर **दान**–वाहिनी–प्रवाह–पूर–प्लवमान–**यशो**–राजहंसस्य,

अमन्द–**कीर्ति**–मन्दाकिनी–पूर–पवित्रित–त्रिभुवनस्य,

सर्वतोमुखप्रसरदमेयमहिम–वस्त (?) चक्राक्रान्त–सकलभूपाल–मौलिमण्डली–मुकुटमणि–किरण–चुम्बित–चरण–नख–चन्द्रस्य,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री**कुमारपाल**देवनरेन्द्रस्य **परिषदा,** यदद्य श्री**कुमारविहारे** वामपार्श्वावस्थित-श्रीम**द-जितनाथ**देवस्य वसन्तोत्सवे त्रैविद्यस्य श्री**देवचन्द्रमुनेः** कृति**श्चन्द्रलेखाविजयं** नाम **प्रकरण-**मभिनेतव्यम् इति।

( सचमत्कारम् )—

दृष्टः क्वापि श्रुतो वा कथयत सदसि प्रेक्षकाः ! कोऽपि भूपः,
[ स ]त्ये शौर्ये च दाने शरणमितवतां रक्षणे बद्धकक्षः ।
एनं मुक्त्वा **नरेन्द्रं** समिति हठहृताराति-लक्ष्मी-प्रसक्त्या,
बिभ्राणं **विक्रमाङ्कं** दिशि दिशि निहितप्रस्फुरत्-**कीर्ति**-हारम् ॥

अपि च—

एकाकिनैव वीरेण, ये**नार्णोराज**-मन्थनात् ।
अनात्तमन्दरागेण, हठा**ल्लक्ष्मीः** करे धृता ॥ ”

**—ચંદ્રલેખાવિજય પ્રકરણના પ્રારંભમાં**

**ભાવાર્થ**:—સતત પૂજેલા ચંદ્રમૌલિ (મહાદેવ)ના ચરણના પ્રસાદથી પ્રાપ્ત કરેલા ઉત્કટ પ્રતાપ વડે અલંકૃત કરેલ રાજ્ય-લક્ષ્મીને વિલાસ કરવાના ઘર રૂપ, એવા,

રણ-સંગ્રામમાં સ્ફુરાયમાન પ્રચંડ બાહુદંડમાં શોભતા ધનુષ્યમાંથી ફેંકાતા બાણ-સમૂહથી જેણે **શાકંભરીશ્વરના** કીર્તિ-કુસુમને ખંડિત કર્યું છે તેવા,

**માળવાના** ભૂપાલ **બલ્લાલના** મસ્તક-કમળ વડે જેણે રણાંગણના અધિદેવતાનું અર્ચન કર્યું છે એવા,

જીવન-પર્યંત પાળેલા સત્યવ્રતવડે જેણે કુંતી-સુત (યુધિષ્ઠિર-ધર્મરાજ)ને તિરસ્કૃત કર્યા છે. એવા અને પ્રતિપક્ષી-વૈરી રાજાઓની વિલાસિની(સુંદરી)ઓના નીસાસાના પવન-પ્રચાલનથી જેના અદ્ભુત પ્રતાપરૂપી અગ્નિ નિરંતર પ્રજ્વલિત છે, તેવા,

જેમની નિરંતર વહેતી દાન-વાહિની (નદી)ના પ્રવાહના પૂરમાં જેનો યશરૂપી રાજહંસ ઊછળી રહ્યો છે, તેવા,

જેની વિસ્તૃત કીર્તિરૂપી ગંગાનાં પૂરે ત્રણે ભુવનોને પવિત્ર કર્યાં છે, તેવા,

ચોતરફ પસરતાં અત્યંત મહિમાવાળાં સૈન્ય વડે વશ કરેલા સકલ ભૂપાલોનાં મસ્તકોનાં મુકુટ-મણિનાં કિરણો, જેમના ચરણનખ-ચંદ્રને સ્પર્શ કરેલ છે, તેવા, નરેન્દ્ર **કુમારપાલદેવની પરિષદે** મને આદેશ કર્યો છે કે 'આજે **કુમાર-વિહાર**માં [ મૂલનાયકની ] ડાબી બાજૂએ રહેલા શ્રી**અજિતનાથ**દેવના વસંતોત્સવમાં વિદ્યાત્રયી-કોવિદ **દેવચંદ્રમુનિ**ની કૃતિ **ચંદ્રલેખા-વિજય** નામનું **પ્રકરણ** ભજવવું.' ચમત્કાર-પૂર્વક સૂત્રધાર—

'સભામાં રહેલા હે પ્રેક્ષકો ! સભ્યો ! રણ-સંગ્રામમાં હઠથી હરેલી શત્રુની લક્ષ્મીની અત્યંત આસક્તિથી દશે દિશામાં સ્થાપન કરેલા, અત્યંત ફરકતા વિક્રમાંક કીર્તિ-હારને ધારણ કરતા આ રાજાને મૂકીને એવો કોઈ બીજો રાજા તમે ક્યાંય જોયો કે સાંભળ્યો હોય તો કહો, કે જે સત્યમાં, શૌર્યમાં, દાનમાં અને શરણાગતના રક્ષણમાં બદ્ધકક્ષ (તત્પર) હોય.

અદ્વિતીય એવા જે વીરે એકલાએ જ **અર્ણોરાજ** ( આન્ન રાજા, બીજા પક્ષમાં સમુદ્ર )નું મન્થન કરવાથી મંદ રાગ ગ્રહણ કર્યા વિના ( બીજા પક્ષમાં મંદર-અગ-પર્વત) હાથી લક્ષ્મી ( વિષ્ણુના પક્ષમાં ) કુમારપાલના પક્ષમાં ( રાજ્ય-લક્ષ્મી) હાથમાં ધારણ કરી છે." (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सं. १५०४ के विजययन्त्रपट्टका लंदन प्रवास

लेखक : श्रीयुत अगरचंदजी भंवरलालजी नाहटा.

**भारतीय** चित्रकलाकी परम्परा अतिप्राचीन है। राजमहलों, सभाभवनोंकी शोभाकी अभिवृद्धिके निमित्त निर्मित भित्तिचित्रोंका उल्लेख प्राचीनतम जैनागमादिमें पाये जाते ही हैं। उन वर्णनोंमें कई ऐसे विशिष्ट चित्रकारोंका भी निर्देश है जिनको इस कलामें सिद्धि मिली थी। किसी व्यक्तिविशेषके लघुतम अवयवको देखकर वे उसका सम्पूर्ण तादृश चित्र बनानेमें सिद्धहस्त थे। पशु-पक्षियों आदिके चित्र भी इतने सुन्दर और हूबहू बनाये जाते थे कि बहुतबार दर्शक उन्हें सजीव समझकर पकड़नेके लिये हाथ डालने पर हास्यास्पद बनते थे। घरोंकी शोभाके प्रमुख उपादनोंमें चित्रोंके निर्माणको महत्त्वपूर्ण स्थान प्राप्त था।

भित्तिचित्रोंके साथ सचित्र वस्त्रपटोंका भी प्राचीन कथाग्रन्थोंमें बहुशः उल्लेख आता है। विशेषतः अभिलषित पूर्वजन्म संबन्धित वरकी प्राप्तिके प्रसंगमें कन्या अपने पूर्व जन्मके वृतान्तको वस्त्रपट पर चित्रित करवाके सखियोंके द्वारा प्रदर्शित करवाती थी। तदंकित भावोंको परिलक्षित कर ठीक समाधान कर देने पर उपलक्षित वरकी प्राप्ति हो जाती। रूपवती कन्याओंके चित्र राजा–राजकुमार आदिको बताये जाते और उससे प्रभावित होकर वैवाहिक सम्बन्धकी स्थिरता आदि प्रयासोंका वर्णन भी अनेक कथाओंमें मिलता है। इससे भित्तिचित्रोंके साथ ही चित्रपटोंकी प्राचीनताका भी पता लगता है।

कालचक्रकी परिवर्त्तन शीलतासे नवीन वस्तु पुरातनमें परिणत हो क्रमशः विलुप्त होती जाती है। आजका बालक थोड़े वर्षोंमें वृद्ध हो कालकवलित हो जाता है, इसी तरह जगत्के अन्य पदार्थ भी परिवर्त्तित होकर विनाश और उत्पत्तिके चक्रमें चकित होते रहते हैं। प्राचीन भित्तिचित्रों एवं पट(वस्त्र)चित्रोंका अस्तित्व न रहना भी उसी कालका प्रभाव है। प्राचीन चित्रकलाके कुछ परवर्त्ती नमूने गुहाचित्रोंके रूपमें ही आज हमें देखनेको मिलते हैं। वस्त्र तो बहुत जल्दी ही जीर्णशीर्ण हो जाते हैं इसलिए प्राप्त चित्रपटोंकी प्राचीनता ६०० वर्षोंकी ही समझिये। उपलब्ध वस्त्रपटोंमें हमारे संग्रहका तरुणप्रभसूरि और पार्श्वनाथका चित्रपट संभवतः सर्व प्राचीन है जिसका निर्माण सं. १४०० के आसपासमें हुआ था। इसका फोटो एवं कुछ विवरण उत्तरप्रदेशके जर्नलमें प्रकाशित हो चुका है। इसी समयके लगभगकी वस्त्र पर लिखी एक धर्मविधि प्रकरण व कच्छुली रासकी प्रति पाटणके फोफलिया वाड़ेके ज्ञानभंडारमें सुरक्षित है, जिसके प्रथम पृष्ठमें सरस्वतीका चित्र भी है।

पन्द्रहवीं शतीके एक अन्य जैन चित्रपटकी प्रतिकृति सन् १९१३ के दि जर्नल ऑफ इण्डियन आर्ट एन्ड इण्डस्ट्रीके पृ. १२७में अमरीकाके बोस्टन म्यूजियमके हिन्द कलाविभागके क्यूरेटर डा. आणंदकुमारस्वामीके जैन आर्ट नामक निबन्धमें प्लेट नं. १२ चित्र नं. ५७में



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



छपी है। इसी शताब्दीका एक चित्रपट पाटणके भंडारमें है जो बहुत सुन्दर है, बीकानेरके खरतर आचार्यगच्छके भंडारमें एक पंचतीर्थी पट श्रीजिनभद्रसूरिजीके लेख सहित देखा गया था। सोलहवीं शतीके तो अनेक सचित्र पट प्राप्त हैं जिनमेंसे उपकेशगच्छीय ऋषिमण्डलयन्त्र सं. १५७१ लिखितका परिचय आत्मानंद शताब्दी स्मारक ग्रंथमें डा. हीरानंदने प्रकाशित किया है। खरतरगच्छीय उपाध्याय भक्तिलाभके सूरिमंत्रकल्पपट्टका ब्लाक श्री साराभाई मणिलाल नवाबके सूरिमंत्रकल्प ग्रंथमें प्रकाशित हुआ है। नवाबने इस पटको १५ वीं शतीका लिखा है पर भक्तिलाभ उपाध्यायका समय सोलहवीं शतीका निश्चित है। हमारे संग्रहमें एवं मुनि विनयसागरोपाध्यायजीके पासका वर्द्धमान विद्यापट भी सोलहवीं शतीका ही होना संभव है। इस शताब्दीके और भी कई सचित्र पट मिलते हैं। अढाईद्वीप, जंबूद्वीप लोकनाल, चौदह राजलोक आदिके चित्रपट भी हमारे संग्रहालयमें प्राचीन संग्रहीत हैं। यह परम्परा ६०० वर्षोंसे जैन समाजमें निरन्तर चली आ रही है। प्राचीन पटोंमें यंत्र मंत्र सम्बन्धित चित्रोंका प्राचुर्य है; यह मध्यकालीन तान्त्रिक प्रभाव और लोकविश्वासकी देन है। उन्नीसवीं शतीमें बडे बडे चित्रपटोंका भी निर्माण हुआ जिनमें शत्रुंजय तीर्थपट सविशेष उल्लेखयोग्य है। इस शतीका बीकानेरमें चित्रित एक समवसरण पट हमारे संग्रहमें भी है।

सचित्र वस्त्रपटोंका प्रचलन न केवल भारतमें और जैन समाजमें ही था, पर बौद्ध व वैदिक परम्पराके एवं नेपाल, तिब्बतके अनेक सुन्दर और सचित्र पट पाये जाते हैं। तिब्बतमें इनका सर्वाधिक प्रचार था। पटना म्यूजियम आदि में तिब्बतीय बौद्धपट प्रचुरतासे संग्रहीत है। हमारे संग्रहका प्राचीन बौद्धपट प्राप्त सभी पटोंमें कला एवं प्रचीनताकी दृष्टिसे बहुत ही महत्त्वपूर्ण तथा उल्लेखयोग्य है। उसमें रंगोंकी विविधता, बौद्ध मुद्राओंकी अनेकता, रेखाओंकी सूक्ष्मता आदि बहुत ही महत्त्वपूर्ण हैं। पटना स्थित श्रीजालानजीके संग्रहमें एक कथावस्तुका लम्बा चित्रपट दर्शनीय है।

भारतीय पुरातत्त्व एवं कलाकी मूल्यवान बहुसंख्यक सामग्री पाश्चात्य देशोंमें चली गयी है। ऊपर के बोस्टनके जैन चित्रपटका उल्लेख किया ही गया है। यहांकी हस्तलिखित प्रतियां, खुदाईसे प्राप्त वस्तुएं, सिक्के, चित्र आदि इतने अधिक और सुन्दर उपादान पाश्चात्य देशोंमें बिखरे पड़े कि उनकी जानकारी प्राप्त करना ही पर्याप्त समय और श्रमकी अपेक्षा रखता है, इनमेंसे बहुतसी सामग्री तो ऐसी है, जिसके दूसरे नमूने ही नहीं मिलते। विविधदृष्टियोंसे उनका इतना अधिक महत्त्व है कि वहांकी सामग्रीके उल्लेख बिना यहांकी कला–परम्पराका इतिवृत्त सर्वाङ्गीण ज्ञात कर सकना अतिकठिन है।

प्रस्तुत लेख में एक ऐसे ही सचित्र–जैन चित्रपटका परिचय दिया जा रहा है जो कुछ वर्ष पूर्व लंदनके म्यूजियममें जाकर वहांकी शोभा बढा रहा है। लगभग १५वर्ष

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पूर्व पालनपुरनिवासी पुरातत्त्व एवं कलाप्रेमी श्रीनाथालाल छगनलाल शाह बीकानेर आये और कई दिन वहां रहे। उनके साथ कलासामग्री आदिके सम्बन्धमें चर्चा होते एकबार वस्त्रपट आदिकी बात निकली। उन्होंने हमारे संग्रहके वस्त्रपट देखकर श्रीजिनभद्रसूरि-प्रतिष्ठित एक बृहदाकार चित्रपटको लंदनके म्यूजियमको प्रदानकर देनेकी बात कही। हमने उसकी प्रतिकृति देखनेकी उत्सुकता प्रकट की तो उन्होंने बम्बई जाकर उसका फोटू भेज दिया।

इस पटका इतः पूर्व श्रीसाराभाई नवाबने सं. १९९२ के जैन सत्य प्रकाश पुस्तक २, अंक २ में प्रकाशित अपने 'सरस्वती पूजा अने जैनो' नामक लेखमें उल्लेख किया था। उन्होंने लिखा है-"पालनपुरना रहीश अने पुरातत्त्व संशोधनमां रस धरावता श्रीयुत नाथालाल छगनलाल शाहना संग्रहमां वि. सं. १५०४ नी सालमां कपड़ा पर चित्राएलो एक विजय-पताका यंत्र छे ते यंत्र ऊपरना मथालाना भागमां सोनानी स्याहीथी चीतरेलुं सरस्वती देवीनुं एक सुन्दर चित्र छे जे हजु सुधी अप्रसिद्ध छे। तेमां पण देवीने चार हाथ छे तेनां आयुधो वगेरेनां वर्णन बराबर हालमां मने याद नथी अने तेमां कंइ विशिष्टता नहीं होवाथी तेनो उल्लेख हुं अत्रे करी शकतो नथी."

प्रस्तुत चित्र पट नाथालालभाईके पास कहांसे आया इस विषयमें अनुसन्धान करने पर जैनयुगके सं. १९८४ (वर्ष-३) अंक ११ में स्वर्गीय मोहनलाल दलीचंद देसाईका "अमारो खेड़ानो ज्ञानप्रवास" शीर्षक भ्रमणवृत्तान्त में ज्ञातव्य जानकारी मिली, जो इस प्रकार है:—"खेड़ाना मोटा मंदिर (अमीझरा पार्श्वनाथ) मां रहेता भाग्यरत्न मुनि पासे केटलाक पुस्तकोनो संग्रह होवा उपरांत केटलाक कागलो ऐतिहासिक छे, तेमज एक विजयपताका यंत्र कपड़ा पर लखेलो छे ते कपड़ानी लंबाई ४ फुट ने ५ इंच अने पहोलाइ ३ फुटने ५॥ ईंच छे। सं. १५०४ मां दीवाली दिने खरतर जिनभद्रसूरिंअे लखेलो छे एवो नीचे प्रमाणे लेख छेः—

"संवत् १५०४ वर्षे दीपोत्सवदिने लिखित प्रतिष्ठित श्रीखरतरगच्छाधीश्वर श्रीजिनभद्रसूरिभिरिदं जैत्रपताकाख्ययंत्रं॥ सपरिवारस्य जैत्रं 'वांछितसिद्धिं कुरु कुरु स्वाहा॥"

आनी बे बाजुए रंगित कोर छे अने बीजी बे बाजुअे चित्रो आलेखेलां छे। ते चित्रो रजपूत शाला (School) नां छे। यंत्र लाल शाहीमां छे।"

अभी ता. ३१ जनवरी १९५४ कलकत्तानिवासी श्रीगोपीकृष्ण कातोड़ियाके साथ W. G. आर्चर (कीपर आफ इन्डियन सेक्शन विकटोरिया म्यूजियम लंदन) हमारे संग्रहालयका अवलोकन करने बीकानेर पधारे तो उपर्युक्त विजययंत्रका फोटो दिखाने पर उन्होंने पहचान कर यह तो हमारे म्यूजियममें है, बतलाया। मैंने पूछा—क्या इनके संबन्धमें कोई लेख प्रकाशित हुआ है? तो उन्होंने कहा—नहीं। अतः इस महत्त्वपूर्ण पटको कलाका सर्व प्रथम परिचय इसी लेखके द्वारा प्रकाशित किया जा रहा है:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# –विजययंत्र पट परिचय–

**इसके** दोनों बाजूमें वेलपत्तियोंका बोर्डर है जिसमें कमलके पुष्प बने हुए है। चित्रके ऊपर नीचे बोर्डर न होकर पाइपिंग मात्र है। ऊपरकी चित्रश्रेणीमें दाहिनेसे बांये सर्व प्रथम गणेश, ब्रह्मा, शिव, विष्णु और सरस्वतीके पांच सुन्दर चित्र हैं। मध्यमें विजयछत्र विराजमान है, जिसके उभयपक्षमें मयूरयुग्म सुशोभित हैं। तदुपरान्त दो देवियां तथा एक उद्यानका चित्र है जिसमें केला, खजूर आदिके वृक्ष तथा जलाशयके चारों ओर चार हाथी खड़े दिखलाये हैं, एक हाथी अंतिम वृक्षके नीचे खड़ा सूंड ऊंची किये फल तोड़ रहा है। इस पंक्तिके नीचे प्रतिष्ठा समयमें लिखी गयी अभिलेख पंक्ति है जिसकी नकल ऊपर दी जा चुकी है। दूसरी चित्रश्रेणीमें सर्व प्रथम देवी, वृक्ष, हाथी, एक देवीके पश्चात् छत्रधारी दाढीवाला पुरुष बैठा है जिसके समक्ष ठवणी और तदुपरि कोई वस्तु रखी है। उसके सामने एक हाथी व एक बैल है, उपरि भागमें एक पुरुष और स्त्री सामने विराजमान दिखाये हैं। तदनंतर विजयछत्रके नीचे मध्यमें दण्ड है जिसके दो पताकाएं बंधी हुई हैं, उनके दोनों ओर चन्द्र सूर्य तथा नीचे एक हाथी व द्रुमलताएं दिखायी हैं। उभय पक्षमें दो देवियां खड़ी हैं। तदनंतर हाथी पर छत्रधारी नरेश्वरादि बैठा है, फिर एक देवी व अश्वारोही है जिसके ऊपर छत्र है। फिर एक देवी–मूर्ति विराजित है जिसके हाथमें पूर्णकलश है। इसके अनंतर एक वृक्षका चित्र है जिसके नीचे शंख स्थापित है। अंतमें एक वृक्षके नीचे पंख फैलाये मयूर खड़ा है जिसकी चोंचमें पुष्पमाला धारण की हुई है।

चित्रपटका मध्यम भाग यंत्राङ्कोंसे परिपूर्ण है। इसके ठीक बीचमें ऊपर ह्रीँकार है। नीचेकी पंक्तिमें 'श्रीसर्वज्ञाय नमः'। फिर नीचे त्रिपुरायै नमः, त्रिपुरसुन्दर्यै ह्रीँ नमः, श्रीत्रिपुरभैरवी ह्रीँ नमः, फिर त्रिपुर विजया ह्रीँ नमः, फिर चार पंक्तियोंके बाद "क्रों" लिखा हुआ है।


चतुर्थ पंक्तिमें प्रथम तीन वृक्ष, फिर तीन देवियों जो कलश लिए हुए है। पंक्तिके मध्यमें एक वृक्ष है जिसके दोनों ओर कलश हाथमें लिए दो देवियां बैठी हैं। तदनंतर ऐसी ही चार देवियां अलग अलग भवनोंमें बैठी है।

सबसे नीचेकी पंक्तिमें नवग्रहोंके चित्र बने हैं, फिर ७ हाथी और ६ घोड़े सजे हुए खड़े हैं।

विजययंत्र तंत्रविद्यासे सम्बन्धित है, इसलिए इस पटमें चित्रित भावोंका विशेष स्पष्टीकरण तो इस विषयमें ज्ञात व्यक्ति ही कर सकते हैं। परवर्ती विजययंत्र इससे भिन्न प्रकारके मिलते हैं। हमारे संग्रहमें विजययंत्र विधिकी हस्तलिखित प्रतियां भी हैं। इस यंत्रका मूल कहांसे और कब जैन समाजमें प्रचलित हुआ यह अन्वेषणीय है। इसके प्रारंभमें जो गणेशके साथ ब्रह्मा–विष्णु–महेश्वर भी चित्रित हैं इससे इसका मूल वैदिक तांत्रिक ग्रन्थोंमें मिलना संभव है। विशेषज्ञोंसे अनुरोध है कि वे एतद्विषयक अपनी जानकारी प्रकाशित करें।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ મીમાંસા

લેખક : શ્રીયુત માસ્તર ખુબચંદ કેશવલાલ, શીરોહી

[ લેખાંક—બીજો ]

[ કર્મના અસ્તિત્વ વિશે જૈન દર્શનની સાથે જૈનેતર દર્શનોની માન્યતા રજૂ કરવાથી તદ્વિષયક તુલનાત્મક અધ્યયન થઈ શકે; એ ખાતર તે તે વિષયમાં જૈન વિદ્વાનોએ લખેલા અલગ અલગ ગ્રંથોમાંથી હકીકત મેળવીને સારરૂપે અહીં રજૂ કરી છે. હવે પછીના લેખમાં જૈન દર્શનની માન્યતા રજૂ કરાશે.]

**યોગ દર્શનાનુસાર** અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ એ પાંચ કલેશ છે. એ પાંચ કલેશને કારણે કિલષ્ટ વૃત્તિ—ચિત્તવ્યાપાર થાય છે, અને તેથી ધર્મ—અધર્મરૂપ સંસ્કાર ઉત્પન્ન થાય છે. સંસ્કારને વાસના, કર્મ અને અપૂર્વ એવાં પણ નામ 'યોગદર્શન'માં આપવામાં આવ્યાં છે. કલેશ અને કર્મનો અનાદિ કાર્ય—કારણભાવ બીજાંકુરની જેમ જ માનવામાં આવ્યો છે. કલેશ—કિલષ્ટવૃત્તિ અને સંસ્કાર એ બધાંનો સંબંધ યોગ દર્શનની પ્રક્રિયા પ્રમાણે આત્મા સાથે નહિ પણ ચિત્ત—અંતઃકરણ સાથે છે અને તે અંતઃકરણ એ પ્રકૃતિનો વિકાર—પરિણામ છે.

કર્મનો વિપાક 'યોગદર્શન'માં ત્રણ પ્રકારનો બતાવ્યો છે. જાતિ, આયુ અને ભોગ. વળી યોગદર્શનમાં કર્માશય અને વાસનાનો ભેદ કર્યો છે. એક જન્મમાં સંચિત જે કર્મ તે કર્માશય નામે ઓળખાય છે, અને અનેક જન્મના કર્મોના સંસ્કારની જે પરંપરા છે તે વાસના કહેવાય છે. કર્માશયનો વિપાક અદષ્ટ જન્મ વેદનીય અને દષ્ટ જન્મ વેદનીય એમ બે પ્રકારે સંભવે છે. અર્થાત્ પરજન્મમાં જેનો વિપાક મળે છે તે અદષ્ટ જન્મ વેદનીય અને આ જન્મમાં જેનો વિપાક મળે છે તે દષ્ટ જન્મ વેદનીય. અદષ્ટ જન્મ વેદનીયનું ફળ નવો જન્મ, તે જન્મનું આયુ, અને તે જન્મના ભોગો એ ત્રણે છે. દષ્ટ જન્મ વેદનીય કર્માશયનો વિપાક આયુ અને ભોગ અથવા તો માત્ર ભોગ છે, પણ જન્મ નથી.

વાસનાનો વિપાક તો અસંખ્ય જન્મ, આયુ અને ભોગોને માનવામાં આવ્યાં છે, કારણ કે વાસનાની પરંપરા તો અનાદિ છે. વળી અહીંઆં શુકલ કર્મને કૃષ્ણ કર્મ કરતાં બળવાન માનવામાં આવ્યું છે, અને કહ્યું છે કે શુકલ કર્મનો ઉદય હોય ત્યારે કૃષ્ણ કર્મોનો નાશ ફળ દીધા વિના થઈ જાય છે. સાંખ્યદર્શનની માન્યતા પણ યોગ દર્શન જેવી છે. નૈયાયિકોએ રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષ સ્વીકાર્યા છે. એ ત્રણ દોષથી પ્રેરિત થઈને જીવની મન, વચન, કાયની પ્રવૃત્તિ થાય છે અને એ પ્રવૃત્તિથી ધર્મ અને અધર્મની ઉત્પત્તિ થાય છે. ધર્મ અને અધર્મને નૈયાયિકોએ 'સંસ્કાર' અથવા તો 'અદષ્ટ' એવું નામ આપ્યું છે કે જે જૈનમતમાં પૌદ્ગલિક કર્મ અથવા તો દ્રવ્ય કર્મ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈશેષિક દર્શનની માન્યતા પણ નૈયાયિકોને જ મળતી છે. પ્રશસ્તપાદે જે ૨૪ ગુણો ગણાવ્યા છે તેમાં એક અદૃષ્ટ નામનો ગુણ પણ ગણાવ્યો છે. જો કે એ ગુણ સંસ્કાર નામના ગુણથી ભિન્ન જ ગણાવ્યો છે, પણ તેના જે ધર્મ અને અધર્મ એવા બે ભેદ કર્યા છે તે ઉપરથી જણાય છે કે પ્રશસ્તપાદ ધર્માધર્મને સંસ્કાર શબ્દથી નહિ પણ અદૃષ્ટ શબ્દથી ઓળખાવે છે. આ માન્યતાભેદ નહિ પણ માત્ર નામભેદ છે એમ સમજવું જોઈએ. કારણ કે જેમ ધર્મઅધર્મરૂપ સંસ્કાર એ નૈયાયિક મતે આત્માનો ગુણ છે તેમ વૈશેષિક મતે અદૃષ્ટને પણ આત્મગુણ જ કહ્યો છે.

આ ન્યાય અને વૈશેષિક દર્શનમાં પણ દોષથી સંસ્કાર અને સંસ્કારથી જન્મ અને જન્મથી દોષ અને પાછા દોષથી સંસ્કાર અને જન્મ—આ પરંપરા અનાદિ કાળથી જ બીજાંકુરની જેમ માનવામાં આવી છે. કર્મની સાથે કર્મફળનો સંબંધ શી રીતે જોડાયો એ પ્રશ્ન ન્યાય દર્શનકારને જરૂર ઉદ્ભવ્યો હતો. કર્મ પુરુષકૃત છે એ વાતની એમને જાણ હતી. કર્મનું ફળ હોવું જોઈએ એની ગૌતમે ના નથી પાડી, પણ ઘણીવાર પુરુષકૃત કર્મ નિષ્ફળ જતાં હોય એમ પણ એમને લાગેલું. અહીં એક મુંઝવણ ઊભી થઈ. પુરુષકૃત કર્મ પોતે ફળ શી રીતે આપી શકે એવો ગૌતમના મનમાં સ્વાભાવિક રીતે જ એક પ્રશ્ન ઉદ્ભવ્યો. કર્મની સાથે કર્મફળનો ઘણીવાર સંબંધ નથી દેખાતો તેનું સમાધાન કરવા જતાં એમણે કર્મ અને કર્મફળની વચ્ચે કર્મથી જુદું જ એક કારણ ઊભેર્યું. એમને કહેવું પડ્યું કે:—

'કર્મના ફળમાં ઈશ્વર જ કારણ છે. પુરુષકૃત કર્મ ઘણીવાર નિષ્ફળ જતાં જણાય છે. પુરુષકૃત કર્મના અભાવે કર્મના ફળની ઉત્પત્તિ સંભવતી નથી, એટલે કર્મ જ ફલના કારણરૂપ છે એમ જો કોઈ કહે તો એ બરાબર નથી. કર્મફળનો ઉદય ઈશ્વરને આભારી છે. એટલા સારુ ફળનું એક માત્ર કારણ કર્મ જ છે એમ કહી શકાય નહિ. ગૌતમસમ્મત કર્મવાદ સંબંધે આટલું સમજી શકાય છે કે કર્મફળ એ પુરુષકૃત કર્મને આધીન છે એ વાત તે સ્વીકારે છે. પણ કર્મ જ કર્મફળનું એક માત્ર અને અદ્વિતીય કારણ છે એ વાત એમને મંજુર નથી એમની કહેવાની મતલબ એ છે કે, જો કર્મફળ એકમાત્ર કર્મને જ આધીન હોય તો પછી પ્રત્યેક કર્મ ફળવાળું દેખાવું જોઈએ. કર્મફળ કર્મને આધીન છે એ વાત બરાબર છે પરંતુ કર્મના ફળનો અભ્યુદય કર્મને એકલાને આભારી નથી. પુરુષકૃત કર્મ ઘણીવાર નિષ્ફળ નીવડતું દેખાય છે. આ પરથી એવું સિદ્ધ થાય છે કે કર્મફળના વિષયમાં કર્મ સિવાય એક કર્મફળ નિયંતા ઈશ્વર પણ છે. નૈયાયિકો અહીં વૃક્ષ અને બીજનો દાખલો રજુ કરે છે. વૃક્ષ બીજને આધીન છે એ વાત કબુલ રાખીએ, પરંતુ વૃક્ષની ઉત્પત્તિ એકલા બીજની અપેક્ષા નથી રાખતી. હવા, પાણી, પ્રકાશ વગેરેની જરૂર રહે છે. કર્મફળની બાબતમાં પણ એ જ પ્રમાણે ઈશ્વરની જરૂર રહે છે. ન્યાય દર્શનનો મૂળ અભિપ્રાય એ છે કે ઈશ્વર કર્મથી જુદો છે પણ કર્મની સાથે ફળની યોજના કરી દે છે પરંતુ ઈશ્વર આવી બાબતમાં માથું મારે એ વાત ઘણા દાર્શનિકોને પસંદ નથી એટલે તેઓ તેનો અસ્વીકાર કરે છે. પ્રાચીન ન્યાયમાં કર્મ અને કર્મફળવાદની યુક્તિ ઉપર જ ઈશ્વરનું અસ્તિત્વ આધાર રાખી રહ્યું છે. નવા નૈયાયિકો એ યુક્તિ વિષે બહુ આસ્થા નથી રાખતા. કર્મની સાથે ફળને જોડવા સારુ ઈશ્વરનો સ્વીકાર કરવો તેને બદલે ફળને સંપૂર્ણ કર્માધીન માનવું, અર્થાત્ કર્મ પોતે જ પોતાનાં ફળ ઉપજાવે છે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ણય માનવો વધારે ઠીક લાગે છે. બૌદ્ધ દાર્શનિકો એ જ અભિમત ઉચ્ચારે છે, એટલે બૌદ્ધો પણ કહે છે કે:—કર્મને લીધે સંસારનો પ્રવાહ ધપે છે. ફળના સંબંધમાં કર્મ સંપૂર્ણ સ્વાધીન છે. ઈશ્વરની કે બીજા કોઈની દખલગીરીની જરૂર નથી. ફળની બાબતમાં જૈનદર્શન પણ કહે છે કે કર્મ સંપૂર્ણ સ્વાધીન છે, વચમાં ઇશ્વરની કંઈ જરૂર નથી. પુરુષકૃત કર્મ કોઈવાર અફળ જતું જણાય તો પણ વચ્ચે ઈશ્વરને સંડોવવાની જરૂર નથી. કારણ કે કર્મનું ફળ તો અવશ્ય મળવાનું જ છે, ફળમાં કદાચ થોડી વધારે પણ વાર લાગે, પરંતુ કર્મનું ફળ ન મળે એવું તો કદાપિ ન બને. વખતે પાપી માણસ પણ સુખી દેખાય અને સારો માણસ દુઃખી દેખાય, પરંતુ એટલા ઉપરથી કર્મનાં ફળ મળતાં જ નથી એમ સિદ્ધ થતું નથી. કેટલીક વખત હિંસક મનુષ્યને સમૃદ્ધિવંત અને ધર્મિષ્ઠ માણસને દરિદ્રી જોવામાં આવે છે તે અનુક્રમે પૂર્વે કરેલા પાપાનુબંધી પુણ્યકર્મ અને પુણ્યાનુબંધી પાપકર્મને આભારી છે. હિંસા અને ધર્મિષ્ઠતા એ કોઈ કાળે નિષ્ફળ નહીં નીવડે. જન્માંતરે પણ એ કર્મનાં ફળ ભોગવવાનાં જ રહે છે. એટલે કે કર્મ અને કર્મફળની વચ્ચે કાર્ય–કારણભાવનો કોઈ પ્રકારનો વ્યભિચાર નથી. માટે ફળ ઉપજાવવા માટે વચમાં કર્મફળ નિયંતા ઈશ્વરને કંઈ સ્થાન નથી.

હવે મીમાંસકોએ યાગાદિ કર્મજન્ય એક ‘અપૂર્વ’ નામનો પદાર્થ સ્વીકાર્યો છે. તેમની દલીલ એવી છે કે મનુષ્ય જે કાંઈ અનુષ્ઠાન કરે છે તે તો ક્રિયારૂપ હોવાથી ક્ષણિક હોય છે એટલે તે અનુષ્ઠાનથી ‘અપૂર્વ’ નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે, જે યાગાદિ કર્મ–અનુષ્ઠાનનું ફળ આપે છે. એ અપૂર્વ પદાર્થની વ્યાખ્યા કુમારિલે કરી છે કે અપૂર્વ એટલે યોગ્યતા. યાગાદિ કર્મનું અનુષ્ઠાન કરવામાં ન આવે ત્યાં સુધી તે યાગાદિ કર્મ અને પુરુષ એ બંને સ્વર્ગરૂપ ફળ ઉત્પન્ન કરવા માટે અસમર્થ–અયોગ્ય હોય છે, પણ અનુષ્ઠાન પછી એક એવી યોગ્યતા ઉત્પન્ન થાય છે કે જેથી કર્તાને સ્વર્ગફળ મળે છે. એ યોગ્યતા પુરુષની માનવી કે યજ્ઞની એ વિશે આગ્રહ કરવો નહિ પણ તે ઉત્પન્ન થાય છે એટલું પર્યાપ્ત છે.

બીજા દાર્શનિકો જેને સંસ્કાર, યોગ્યતા, સામર્થ્ય, શક્તિ કહે છે તેને માટે જ મીમાંસકોએ ‘અપૂર્વ’ શબ્દનો પ્રયોગ કર્યો છે; છતાં તેમનું માનવું છે કે વેદવિહિત કર્મજન્ય જે સંસ્કાર કે શક્તિ ઉત્પન્ન થાય છે તેને માટે જ ‘અપૂર્વ’ શબ્દનો પ્રયોગ કરવો, અન્ય કર્મજન્ય સંસ્કાર માટે નહિ. અપૂર્વ કે શક્તિનો આશ્રય આત્મા છે એમ મીમાંસકો માને છે, અને આત્માની જેમ અપૂર્વને પણ અમૂર્ત માને છે. વળી અમૂર્ત એ મીમાંસકોને મતે સ્વતંત્ર પદાર્થ છે.

અહીં કામનાજન્ય કર્મ યાગાદિ પ્રવૃત્તિ અને યાગાદિ પ્રવૃત્તિજન્ય અપૂર્વ એવો ક્રમ છે. એટલે કામ, તૃષ્ણા એ જૈન દર્શન માટે હૃદયના પરિણામરૂપ ભાવકર્મ, યાગાદિ પ્રવૃત્તિ એ યોગવ્યાપાર અને અપૂર્વ એ દ્રવ્યકર્મ કહી શકાય.

○

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## यति श्रीकल्याण रचित

# सिद्धाचल गजल

संपादक :—पू. मुनिराज श्रीकान्तिसागरजी ग्वालियर

**गजल साहित्य**–हिन्दी–राजस्थानी नगर वर्णनात्मक साहित्यकी सृजन–परम्पराका सूत्रपात जैन विद्वानोंकी मौलिक देन है। जैन समाजका इतिहासप्रेम विख्यात रहा है। त्यागीवर्गने पारलौकिक चिन्तनमें लौकिकताकी पूर्णतः उपेक्षा नहीं की। विकास वैयक्तिक होते हुए भी उसमें युगका भाग भी कम नहीं होता। हम बहुधा जहाँ आध्यात्मिक विकासकी बातें दोहराते हैं वहाँ सामाजिक तत्व और परिस्थितियोंका प्रायः विस्मरण कर देते हैं। अन्तर्मुखी दृष्टिके परिपक्व हो जानेसे कोई भी वस्तु वैयक्तिक साधनामें बाधक न बनकर साधक ही बन जाती है। इसीलिये साहित्यके निर्माणमें जैनोंने बहुत ही उदारताका या सहिष्णुताका सुपरिचय दिया है। गजल साहित्य भी औदार्य और व्यापक दृष्टिकोणका परिणाम है। गजलकी महत्ता और उसके सार्वभौमिक विकास पर मैं स्वतंत्र ग्रन्थ ही लिख चुका हूँ जो शीघ्र ही मुद्रणालयमें जायगा।

यहाँ पर मैं शोधक–विद्वानोंका ध्यान इस विषय पर आकृष्ट करना चाहता हूँ कि वस्तुतः गज़लके रचयिताओंके उत्प्रेरक कौनसे तत्व हैं। बिना आवश्यकताके आविष्कार असंभव है। अभी तक हमारी सबकी यही मान्यता थी और आज भी है कि जिस प्रकार पुराने दैवी चमत्कारिक या पुनित तीर्थस्थानोंकी कीर्तिको अमरत्व प्रदान करने और जनताको इस ओर आकृष्ट करनेके लिए माहात्म्य संज्ञासे साहित्य सर्जित हुआ जो केवल श्रद्धा पर आधृत था और आज भी है। इस प्रकारकी परम्पराका नवीन संस्करण गजल साहित्य है, किन्तु यहाँ प्रश्न यह उपस्थित होता है, केवल माहात्म्यके रचयिताओंको ही गजल साहित्य-सृष्टाओंका प्रेरक कैसे मान लें? कारण कि पूर्व परम्परा पर्याप्त प्राचीन है और गजल अर्वाचीन–अर्थात् १७ वीं शतीमें ऐसी कृतियोंका सूत्रपात हुआ। यदि केवल माहात्म्यसे ही प्रेरणा पानेका प्रश्न था तो तत्पूर्वकालमें मौन क्यों रहे जब कि मुगलोंका संसर्ग हो चुका था, भारतीय साहित्य पर भी उनका प्रभाव पड गया था।

बहुत दिनोंसे मनमें विचार कर रहा था कि उस समय (जब गजलोंका निर्माण प्रारंभ हुआ) अवश्य ही कोई न कोई राजनैतिक या सामाजिक परिस्थितियाँ ऐसी रही होंगी जिनकी प्रेरणाका परिणाम गजल साहित्यके रूपमें हुआ।

अभी अभी ग्वालियर आने पर "**चकत्ताकी–परम्परा**" नामक एक मूल्यवान् इतिहास कोशके अवलोकनका सौभाग्य प्राप्त हुआ। निःसंदेह इसकी उपादेयता सभी दृष्टिसे है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इसके अंतिम भागमें मुगलद्वारा शासित इन १२ प्रान्तोंका परिचय दिया है–बंगाल, बिहार, इलाहाबाद, आगरा, अवध, लाहौर, दिल्ली, बरार, खानदेस, गुजरात, मालवा और अजमेर। उसमें निवास करनेवाली जातियाँ, बन, जलाशय व नदियाँ, तीर्थ, दुर्ग, प्रमुख नगर, क्षेत्रफल, जनताकी प्रकृति आदि अनेक महत्त्वपूर्ण ज्ञातव्यों पर प्रत्यक्षदर्शी प्रकाश डाला गया है। मुगलोंकी शासन पद्धति, विशेष पद, वस्त्र, आभूषण, संस्कार आदि कई विषय चकत्ताकी परम्परामें वर्णित है। इस प्रकारके वर्णन अबुल फ़ज़लकी "**आइने अकबरी**"में भी हैं। आवश्यक जानकारीके साथ मनोरंजन प्रधान इस परम्परामें ऐतिहासिक तथ्य भी स्वतः संकलित हो गये। १८ वीं शती तककी प्राचीन प्रति इसकी मिली है पर इसके बीज "आइने अकबरी"में विद्यमान हैं। तुलना करने पर चकत्ताकी परम्पराका ही अपने ढंगका संस्करण गजल साहित्य है, ऐसा मुझे एक विश्वास सा हो गया। चकत्ताकी परम्पराका मुख्य दृष्टिकोण राजनैतिक है तो गजलोंका धार्मिक या सामाजिक। मनोरंजनमें दोनों समान हैं। गजल छंदोबद्ध रचना है तो परम्परा गद्यमें है। तात्पर्य, गजल निर्माताओं पर पूर्व सूचित परम्परा पद्धतिका अधिक प्रभाव पडा है। शैली वह है, भावोंकी प्रेरणा माहात्म्योंसे ली। इस विषय पर मेरा अभी अन्वेषण जारी है। विद्वानोंको चाहिए इस पर अधिक प्रकाश डालें।

प्रस्तुत सिद्धाचल गजल वर्णनात्मक परम्पराकी एक कडी है, यों तो सिद्धाचलजीकी तीर्थमालाएं भी अनेक हैं पर अत्यन्त दुःखके साथ सूचित करना पड रहा कि अभी तक ये प्रकाशनकी प्रतीक्षामें हैं। इतने प्रसिद्ध महातीर्थके ऐतिहासिक साधन उपेक्षित रहें यह तो गौरवकी बात नहीं है।

इस गजलमें स्थानोंका नामोल्लेख मात्र है। भाद्रपद शुक्ला १४ संवत १८६४ में इसकी रचना हुई। इसी कविकी गिरनार गजल भी मिलती है जो मेरे "नगरवर्णनात्मक प्राचीन पद्य संग्रह" में प्रकाशित है।

# सिद्धाचल गज़ल

चरण नमुं चक्केसरी, प्रणमुं सद्गुरु पाय।
विमलाचल गुण वर्णवुं, श्रीसिद्धगिर सुपसाय ॥ १ ॥
ए गिर गुण अनन्त है, सीधा साधु अनन्त।
सेत्रुंज महातममां कह्यो, गिरवर बहु गुणवन्त ॥ २ ॥
**ललितसरोवर** ललित है, तरवर घणे सोहंत।
वडतल पद युग वरनि है, मुनिजन मन मोहन्त ॥ ३ ॥
**मोतीवाव** मजे भरी, प्रेमनाथ भूतनाथ।
जंगर तरवर जास है, गुणवन्त रायण आथ ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गजल छंद हिरणफाल

गुणवंत पादुके गहगीर, पूजंत हरत तनकी पीर
**भूषणवाव** है मल्लीकू, बड़ गन घेटी है वल्लीकू १
वडतल चबूतरा वडाकू, शीतल छाय झुक झुंडकू
दह दिस तरवर बरांको दाव, वाडी बूब सतवावर २
पाणी पावणेकी पर्व, सिघको लोक सुधीयें सर्व
आगे चलत अति आनंद, वामानंद के पद वंद ३
झोषे झुक रहि है जाल, मन शुद्ध धरे फूकी माल
गावे गीत राग रसाल, लेकर हाथ भद्दर ताल. ४
भणहण करत है भेदीकू, नादै अल नफेरीकू
फरहर फ'बजे झंझाकू, नेजा षूब नव घडाकू ५
नोबत बाजत है नंगर, झांझ डिझिंग डिरणार रंग
ऐसी तरहसे ससहुकार, इने करत है दैकार ६
अब तलहटी ढिग आय, बाजा रीतसे बजतावकू
चेतवंदन करत वार इकीस, पंचांग पणाम नमीये सीस ७
आलोइण लै गिर अविलोकू, धरके ध्यान सैधोकू
काजत सदत चढते भाव, सुमति समेत धरते पाव ८
असातन सब अलगी कीध्, लटकन धूपणा कर लीध
आगै च्यार हे छत्रीकू, पूजा होत फल पत्रीकू ९
पगला प्रथम जिनक पूज, बहुरे चलत दिल धर बूज,
पेषही चढ़त पहिपाज, छत्री एक हे सिरताज १०
**धोलीपर्व्व** हें सुष धाम, चढ़ते लेत हे विसरांम,
**इच्छाकुंड** दु पर्व, वंदत नेमपगले सर्व. ११
**नीलीपर्व्व** तीजी नाम, चौथी पर्व्व चढ़ते ठाम,
**कुमारकुंड** हे दूजोकू, छत्री एक हे पूजोकू. १२
**हड़ा हिंगलाज**का आयाकू, **कलिकुंपूज ड** सुष पायाकू,
थिर मन करी हाथको जोड़, नमते सीस मनको मोड. १३
छत्री एक **सालाकुंड**, कछु तरुवराक झुंड,
घाट चले मक्का गाल, बेठा विसराम हे सुविसाल्. १४
**द्रवड वारेषण**रि दहमत्त, वंदो भवि तमो सुभचित्त,
**थावच्च पंच** काउग्गमंडू, कुमती कपटको दे दंड. १५
**हीराकुंड** भूषण कुंमपीडू वद पेषत महीमंड,
**सकोसल** साधुजीके पाय, चढते षूब हणमंत राय,
पासल **पादुके** परमाण, पूठे **भाट तलावहि** जान्. १६
जालम जबर **जूनो टूंक**, चित्तकी छूट जाव चूक,
बारी पेस **मरुदे माय**, पणमत सेबहि पातक जाय. १७

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**शांति जिनेंद** देहरा सुखकार, पेषत बहु उपजे प्यार,
अलाईदो पीर **साहअंगार**, वड्डा बुरज हे दरबार. १८
चोमुष गेलुका गंभीर, साहमी पोल सुषकी सीर,
**चोमुष चंग** चोवाराक्, पेषत लागही प्याराक्. १९
चोमुष रूपदे अतिचंग्, राजत वदन नवनव रंग्,
ऐसा रूप नही काहा ओर, दुनिआ देखते दोर् दोर. २०
दीपक दिसत हें निसदिन्, सेवक सेवते सुभ मिन्,
पाषति देहर परचंड, **मिरगिर** मांडणीको मंड्. २१
रायण रुंष रुडे रंग, पूरव निवाणु रहे प्रभु चंग,
गणधर चवदेसे बावन्न्, पादुके पूजीए सुभ मन्न. २२
देहरी बावने दीपंत, जाली बंध हे इक पंत्,
दरसण करत लो(क) अपार, **गोमुष चक्केसरी** सुषकार २३
चोमुष उपर चोमुष देष् , चिहु दिस देहरी भी षेष्,
दूर ही देषीये **गिरनार**, वंदन कीजीइ सुविचार. २४
ऊतरे तिहां देवल वंद. उपजत देषीइ आनन्द,
**पुंडरीक** देव **टांका** एक, ओर ही देहरा अनेक. २५
दादो देव **जिनचंद वंद**, आगो चले कर आनन्द,
सहसकर पांडव देव, साला माहि श्रीराम सेव. २६
**छीपावसीकी** छवी देष, रायणरुंष भी सपेष,
झुंझुकुंड परवाक्, डुंगर अव पुफजाडीक् २७
प्रणमत **गोतमो**के पाय, **षोडीआर** कुंड षाठीया रमाय
**प्रेमावसी** देवल पूज, आरस देहरा बी छूज २८
चिहुं दिस देहरी कुंड चंग्, **अदबुद** वंदीए उछरग
जिमणी तरफ **गेटीपाज**, **कुंतासर** वाम है काई काज. २९
आगे **सोगालपोल** राजैक्, झरोषाषूब छाजैक्,
नोषण उपर फुलवारीक्, **ध्रमसाल** चिहु भी दिस धारिक् ३०
**वाघणपोल हणमत वीर,** षेतलवीर भी गहगीर,
**अंब चक्केसरी गोमुष,** समोसरण भी परतष, ३१
**चोउरी नेमकी** हे चंग, **षरतरवसी** पूज मनरंग
**बारी मोषकी** कहतेक्, पापी धरमको परषेक् ३२
दहु दिस देहरे सुविचार, पेषत नाहि जाको पार
**कुमारपालका** देहराक्, आगे चोक हे गेहराक ३३
पीपल आंबली छोह, **हाथीपोल** भी हे ताहि,
**पुंडरिक पोल** हे सिरताज, मन शुद्ध भेटीइ माहाज. ३४
प्रोढो प्र(थ)म जिनप्रासाद, ऊपजै देषकैआल्हाद,
कूड कपट मनका मेट, भाव संयुक्त प्रभूको मेट ३५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरकी साहिज पाप आलोइ, भवके दोष सबही षाइ,
देवल दीपतो तीन भूम्, धजा फरअ दह दिस सुम ३६
दीपत देहरा हे च्यार, झूलण गोष सोभअ सार,
आगे **चोक** अतिही विसाल, गावे गीत गुण ही सार. ३७
झंमर झालरी झणणैंक्, भरहर भेर भी भणैंक,
दोंदों करत मद्दताल, कुहकत वज हे करनाल ३८
घूघर करत रमझकार, नेउर करत णणणकार
भदौ कतकी मेलाक्, चेती पूनम तीन बेलक् ३९
मेरु समेतका आकार, सहसकूट अठावय सार
टाका दोय भी दीसैक्, रायण देख दिल हीसैक ४०
**सासनदेव** हे थान्, **गणधर पादुके** परमान्
वैदा वेचत वीसोतराय, गंधारी चैत्य भी दिल लगाय ४१
**पंचाभाई** देहरा पहिचान, बबावत देह सवडवान्
**खरतरपति दादादेव** देहरी दोय कर ले सेव ४२
**जिनदत्त श्रीजिनकुशलसूर,** समरत होत सुष सनुर,
केसर चंदन मेल कपूर, पूजा करत ऊगत सुर. ४३
जाई जिनबिम्ब तांको वंद, दरसन कीया दिल आनन्द,
**दिगंबरदेहरी** वडाक् माहा देहरा मंडाक्, ४४
**ईसर भीम सूरज-कुंड,** दीसे नदी दो कुंड,
**मडकादंबगि** जावै जात, देहरी पादुके देषात् ४५
एवे परदषणाकी होस, **रामपोल** बेठणेकी रोस,
तरवर षूब जाकी छाय, जालम पाल ढिग ही पाय, ४६
मारग मांहे **देवकीनन्द,** छए कावसग्गीयाको वंद
छलकाझो आछी रीत्, प्रतिमा नमण आवे नीत ४७
नीरमल **चेलणका** नीर, ग्यानकी वाव हे गंभीर,
**संव-प्रद्युम्न** हे साल, **भाडवगिर** कुंड विसाल ४८
**सिद्धवड** हेठ पगले सार, आगे **बबडी** सुषकार
उंचे देष **आदपुर** पाज् , **देवकुंड** साल है सिरताज ४९
**छत्री** वंद चलीये वाट्, आए गाम नगरमें घण गहघाट
तहाँ भूपती हे ध्रमराज्, **गोहिलवंसे** हे सुभ काज ५०
राजे **उनडजी** महाज, **कांघल कुंअर** हे जुवराज
दादो पोतरो दिलदार्, सातौ कुंअर हे सिरदार
कम्भा षूब कामादार, हिम्मतदार हे हुजदार ५१
करता राजका सब काज्, गुणीअण गाहे जस गाज
गौवै जोषसे गुणवंत, सनमुख **सिद्धगिरि** सेवंत ५२

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समरण करे नित सेवाक्, माला गुणत नित मेवाक्,
दयावंत वडा दा(ता)र्, दिन दिन होते देदेकार, ५३
जाचक करत जै जैकार, दोलतवंत हे दरबार
षाग त्याग वेदु सोभाग्, गुनीअन करत हे रंगराग ५४
नोबत रणकती गाजैक्, तांसा षूबसे वाजैक्
न्याई निपुण राजान्, सबको देत दे सन्मान, ५५
वाजा बजत हे पेंतीस, वसते भलै पौन छत्तीस
आगे बसत षूब वजार, हाट षूब लंबी हार. ५६
द (-दां ?) वडा जैनका देहराक्, सिघवि पूजत सवेराक्
पूजा होत भली भंत्, पासे ध्रमसाल ही दीसंत ५७
प्रभूको मंडते मंडार, सिलावट घड़ता हे षकार
वास्तुक ग्रन्थका हे ग्यांन, देहरे बिम्ब करते मान. ५८
कारीगर करत कारषानेंक्, **किडीये** रहत भी कानेक,
सदाव्रत देत हे शुभकार, अजब उपासरे हे च्यार. ५९
झरोषाबंध हे ध्रमसाल, सिंघके लोक रहे केई काल,
बीच बजार वधते वान्, साधु रहत हे सुभ थांन. ६०
जोहरी नाणांवटी बजाजू, कपडे डेचते सुभ काज,
सोना घड़त हे सोनार, लोहा कसहे लोहार. ६१
हिमत वडी हलवाईक्, सुषडी करत सुखदाईक्,
नवले वसत नव नारुक्, केई वसत हे कारुक. ६२
**सिवके देहरा** साबूत, आरत करत हे अद्भूत,
**महजत** एक फुन पंचपीर, नालेर चडत हे उन तीर. ६३
बांभण वेहेदीए दरवेस, दरसण–षट हे सुविसेस,
गढकी पोल हे तहा च्यार, बुरजे तोप बहुत ही सार ६४
पादर बहुत वन–वाडीक्, जल नय वहते जारीक,
जाडीक पाणी भरत हे पनहारीक्, निरमल नीर भर झारीक. ६५
षूषडी नीर षूलकारीक्, ठाढी छाहि अति प्यारीक्,
आवे सिघ कोई जात, सिद्धागिर भेटके सुष थात. ६६
सुणही तिथ हे सिरताज, गुणवंत बहुत हे गिरराज,
गिरवर नम्या जसडंकाक्, तेहने नहीं दिन वंकाक. ६७
**संवत् अढार चोसटेक**, भाद सुद चहुदसी सीत ठेक,
कीनी गजल दोलत होत, चित्तसें धार अषर समेत ३८
जे भणे तस हर्ष हुत, सदा सुष होइ सुष लहत्
**खरतर** जती हे सुप्रमाण, कवी यु कहत हे **कल्याण.** ६९

॥ इतिश्री सिद्धाचल गजल सम्पूर्ण ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીરાવલા પાર્શ્વનાથતીર્થ-

## સ્થાપનાનો સમય

લેખક : પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન ગાંધી

**શ્રી જૈન સત્યપ્રકાશના** ગત અંક ૯માં પૃ. ૧૬૧-૧૬૩માં શ્રીયુત અગરચંદજી નાહટાનો એ નામનો લેખ પ્રકાશિત થયો છે, તેમાં મારા નામ–નિર્દેશ સાથે સૂચન હોઈ તે સંબંધમાં સ્પષ્ટીકરણ કરવાની મારી ફરજ સમજું છું.

બીકાનેર–નિવાસી એ શ્રીમાન બંધુ ઐતિહાસિક વિષયમાં અને પ્રાચીન સાહિત્યમાં રસ લે છે, તથા ગૂજરાતીમાં લખે છે,* એ જાણી આનંદ થાય થાય છે. આજથી તેર વર્ષ પહેલાં પ્રકટ થયેલા મારા ગ્રંથ 'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ'ને ઉદ્દેશી ત્યાં તેમનું વક્તવ્ય છે. તે તીર્થ–સ્થાપનાના સમય વગેરે સંબંધમાં સંશોધન કરતાં પ્રાચીન ત્રણ ઉલ્લેખો મને મળી આવ્યા, તે મેં ત્યાં દર્શાવ્યા છે. ત્રીજા ઉલ્લેખમાં 'વીર–વંશાવલીમાં' **સં. ૧૧૯૧** તથા પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું નામ **શ્રીઅજિતદેવસૂરિ** સ્પષ્ટ જણાવેલ છે— "તિવારઈં **ધાંધલઇં** પ્રાસાદ નીપજાવી મહોત્સવે વિ. સં. ૧૧૯૧ વર્ષે શ્રીપાર્શ્વને પ્રાસાદે થાપ્યા. **શ્રીઅજિતદેવસૂરીઇં પ્રતિષ્ઠ્યા.**" આ **અજિતદેવસૂરિ** સુપ્રસિદ્ધ વાદી દેવસૂરિના ગુરુ-બંધુ હોઈ તેમના સમકાલીન હતા. વિ. સં. ૧૨૪૧માં કુમારપાલ–પ્રતિબોધ વગેરે રચનાર **સોમપ્રભાચાર્ય**ના ગુરુ **વિજયસિંહસૂરિ**ના એ ગુરુ હોઈ વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન હતા. પ્રાચીન વંશાવલી–પટ્ટાવલીના આધાર પર અર્વાચીન યોજના થયેલી જણાય છે, તેને અર્વાચીન હોવાને કારણે અમાન્ય કહી શકાય નહિ.

વિક્રમની ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન પં. **સોમધર્મ**ગણિએ સં. ૧૫૦૩માં રચેલી 'ઉપદેશસપ્તતિ'માં **ધાંધલ** શ્રાવકનો સમય '**नन्दाभ्रेश**' શબ્દો દ્વારા સં. ૧૧૦૯ સૂચવેલ છે, તેમ જ સં. ૧૭૨૪માં રચેલી જીરિકાપલ્લિ–પાર્શ્વસ્તવની સુબોધિકા ટીકામાં વાચક પુણ્ય-સાગરે પણ '**नन्दाभ्र-चन्द्र-शशि**' શબ્દો દ્વારા એ સમય જણાવ્યો છે. એમાંના નંદ (૯) અને અભ્ર (૦) ને સીધી રીતે લઈએ, તો ૯૦ સંખ્યા લઈ શકાય; તો સં. ૧૧૯૦નો સમય નીકળી શકે, તે ત્રીજા ઉલ્લેખ સં. ૧૧૯૧ સાથે સંગત થઈ શકે; તે જણાવવા ત્યાં સં. ૧૧૦૯ સાથે કૌંસમાં અમે (૯૦) પણ સૂચવેલ છે. ત્યાં જણાવેલા ત્રણે ઉલ્લેખોમાં સહજ ફેરફાર સાથે **ધાંધલ** (ધાંધૂ) ગૃહસ્થનો, તથા સેહિલી, સેહલી, સાહેલી શબ્દ દ્વારા નદીનો નિર્દેશ છે. ગાયના દૂધ ઝરવા સંબંધી ઘટના પણ લગભગ મળતી છે.

વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલા **ધાંધલ** નામના પ્રસિદ્ધ સુશ્રાવકનું નામ આપણને તે જ સમયના અને પાછળના ગ્રંથો દ્વારા જાણવા મળે છે. તેવી જ ઘટના-વાળા તે જ સમયમાં પ્રકટ થયેલા ફલવર્ધિ (ફલોધી)– પાર્શ્વનાથતીર્થની ઉત્પત્તિના સંબંધમાં અનેક ગ્રંથકારોએ એનું નામ દર્શાવ્યું છે. જેની પ્રતિષ્ઠા વિ. સં. **૧૧૮૧**માં ધર્મઘોષસૂરિએ કરી હતી–એમ વિક્રમની ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં રચેલા ફલવર્ધિ પાર્શ્વ–કલ્પમાં જિન-

---

* શ્રી નાહટાજીનો એ લેખ હિંદીમાં લખેલો હતો. તેનો ગુજરાતીમાં અનુવાદ કરીને અમે આપ્યો હતો.—**સંપાદક.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભસૂરિએ જણાવેલ છે—એ ઉલ્લેખ મેં ઉપર્યુક્ત ગ્રંથ (પૃ. ૯૮)માં દર્શાવેલ છે. સુપ્રસિદ્ધ **મુનિસુંદરસૂરિએ** વિક્રમની પંદરમી સદીના અંતમાં ફલવર્ધિ-મંડન શ્રીપાર્શ્વનાથસ્તોત્રમાં (પદ્ય ૯ માં) એ ચૈત્યની પ્રતિષ્ઠાનો સંવત **૧૧૮૦** જણાવેલ છે—

"एकादशस्वब्दशतेष्वशीत्याऽधिके ११८० ष्वतीतेष्वथ विक्रमार्कात् ।
प्रतिष्ठितं **चैत्यमिदं** यदीदं, प्रभुः स जीयात् **फलवर्धिपार्श्वः** ॥

—જૈનસ્તોત્ર સંગ્રહ ભા. ૨ [ જિનસ્તોત્રરત્નકોશ-સ્તોત્રરત્ન ૧૩ ય. વિ. ગ્રંથમાળા ગ્રં. ૯, પૃ. ૮૪ થી ૮૭ ]

—એ જ સ્તોત્રના પાંચમા પદ્યમાં સૂચવ્યું છે કે ફલવર્ધિ-(ફલોધી)-પાર્શ્વનાથની એ પ્રાચીન પ્રતિમા ભૂમિની અંદર શ્રેષ્ઠ દેવકુલિકામાં રહેલી હતી, ત્યાં પોતાની ગાય દૂધ ઝરતી હતી, તે જોઈને ચમત્કાર પામનાર **ધાંધલ** શ્રાવકે દેવના આદેશથી ફણાની પંક્તિથી મનોહર પ્રતિમાને જાણીને પ્રકટ કરી હતી—

" भूम्यन्तर्गतवर्यदेवकुलिकासंस्थां स्रवन्तीं पयो,
दृष्ट्वा स्वां सुरभिं चमत्कृतमना ज्ञात्वा सुरादेशतः ।
श्राद्धो यत्प्रतिमां फणालिरुचिरां प्राचीकटद् **धांधलः**,
स श्रीमान् **फण(ल)वर्धि**—भूषणमणिः **पार्श्व**प्रभुः पातु माम् ॥ "

—આ જ **ધાંધલ** (પ્રા. ધંધલ) શ્રાવકે ફલવર્ધિ-પાર્શ્વપ્રભુ-પ્રતિમાની પ્રતિષ્ઠા કરનાર ધર્મઘોષસૂરિજી (શ્રી**શીલ**ભદ્રસૂરિજીના શિષ્ય) પાસે ગૃહિ-ધર્મ (શ્રાવક-ધર્મ) સ્વીકાર્યો હતો; તે સમયનું સં. ૧૧૮૬ માગશર પાંચમ સોમવારનું તેના પરિગ્રહ-પ્રમાણને સૂચવતું પ્રાકૃત પદ્યમય પુસ્તક પાટણના સંઘ-ભંડારમાં તાડપત્ર ઉપર લખેલું મળે છે. તેના આદિ-અંત ભાગો અમે પાટણ ગ્રંથ ભંડાર-સૂચી (ગા. ઓ. સિ. ભા. ૧, પૃ. ૩૯૨)માં દર્શાવ્યા છે. ત્યાં અંતની ૮૩-૮૪ ગાથાઓ આ પ્રમાણે છે.—

" सिरि**सीलभद्द**मुणिवइ-विणेय-सिरि**धम्मघोस**सूरीण ।
पयमूलंमि पवन्नो, **धंधल**सड्ढेण गिहिधम्मो ॥ ८३ ॥
**एक्कारससु सएसुं, छासीई** समहिएसु वरिसाणं ।
मगसिर-पंचमि-सोमे, लिहियमिणं **प**रिगह-पमाणं ॥ ८४ ॥
**परि**गह-परिमाणं समत्तं ॥
संवत् **११८६** मार्गसिर वदि ५ सोमे लिखितमिति ॥ "

'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ' પુસ્તકના પૃ. ૯૩માં અમે એનું સૂચન કર્યું છે, તે પછી પૃ. ૯૪માં આવી રીતે જણાવ્યું છે—

"ફલવર્ધિ-પાર્શ્વનાથ અને જીરાવલા-પાર્શ્વનાથનો પ્રાદુર્ભાવ તથા પ્રતિષ્ઠા-પ્રસંગનો સમય વિ. સં. ૧૧૮૧-૯૧ વાસ્તવિક હોય તો તે કલ્પ-પ્રબંધમાં મુખ્ય કાર્યકર્તા તરીકે સૂચવાયેલ શ્રીમાન શ્રાવક આ જ હોવો જોઈએ."

શ્રી. નાહટાજીએ સં. ૧૧૦૯ સૂચક જે બે ઉલ્લેખો દર્શાવ્યા છે, તે મારા દર્શાવેલા પહેલા બે સંસ્કૃત ઉલ્લેખોના લગભગ સમકાલીન છે, તેમાં પણ પ્રતિષ્ઠા કરનાર આચાર્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધમાં કે વિક્રમની બારમી સદીના પૂર્વાર્ધમાં ( સં. ૧૧૦૯માં ) વિદ્યમાન ધાંધલ નામના પ્રાચીન શ્રાવક–સંબંધમાં બીજી પ્રામાણિક માહિતી નથી, તે મળી શકી હોત તો તે વિચારવા યોગ્ય થઈ શકત.અને તે તીર્થ–સ્થાપનાનો સં. ૧૧૦૯ સંવત માન્ય થઈ શકત.

નાહટાજીએ એ લેખમાં સૂચવેલ સ્તવનના અંતમાં 'વિજય' શબ્દ જોતાં તે પરથી ખરતરગચ્છીય વિજયતિલક ઉપાધ્યાયની કલ્પના કરી છે, તેવી અમારી સંભાવના નથી. પલ્લીવાલગચ્છનો સંગ્રહ ગુટકો કેટલો પ્રાચીન છે, તે તેમણે ત્યાં જણાવ્યું નથી. મેં દર્શાવેલા ત્રીજા ઉલ્લેખમાં જીરાવલા પાર્શ્વનાથ તીર્થની પ્રતિષ્ઠા કરનાર આચાર્ય અજિતદેવસૂરિનું નામ મળે છે–પ્રસિદ્ધ ધાંધલના સમય સાથે એમનો સમય વિચારતાં પણ એ તીર્થ–સ્થાપનાનો સમય વિ. સં. ૧૧૯૦(?) વિશેષ ઉચિત લાગે છે.

–તે લેખમાં આવશ્યક સ્પષ્ટીકરણ કરતાં નાહટાજીએ જે જણાવ્યું છે, તે સંબંધમાં તો મેં ઉપર્યુક્ત ગ્રંથ (પૃ. ૬૭)માં સ્પષ્ટીકરણ કર્યું છે, તેથી ભ્રામક બુદ્ધિ ધરવાની જરૂર નથી. સદ્ગત સાક્ષર મોહનલાલભાઈ દ. દેશાઈએ સંવત ૧૫૧૯ સૂચવી જે પત્રો મને લખી જણાવ્યા હતા અને 'જીરાવલી–પાર્શ્વનાથ–ફાગુ'ની જે નકલ મને લખી મોકલી હતી, તેને આધારે તે ત્યાં પ્રકાશિત કરેલ છે. તે પોથીનો સંવત નાહટાજીના જણાવ્યા પ્રમાણે સં. ૧૪૯૩ હોય તો તે જાણતાં મને અધિક હર્ષ થાય છે.

[ અનુસંધાન : ટાઈટલ પેજ ત્રીજાથી ચાલુ ]

| | | | |
|---|---|---|---|
| ४ श्रीजिनचंद्रसूरि रेल्हुआ | गा. ८ | चारित्रगणि | पत्रांक ४४० |
| ५ जिनप्रबोधसूरिवर्णन (रेलुआ) | गा. १० | पद्मरत्न | पत्रांक |

अब यहां इन रचनाओंका आद्य पद दिया जाता है जिससे इसकी रचना व छंद सम्बन्धी ठीकसे पाठकोंको परिचय मिल जायगा ।

श्रीजिनकुशलसूरि रेल्हुआ. आदि पद––

धनु धनु जेल्हो मंतिवरु धनु जयतलदेविय इत्थीय गुणसंपुन्न ।
जीह तणइ कुलि अवयरिउ परवाइय गंजणो सिरिजिणकुशल मुणिंद ॥ १ ॥
हलि हलि गुरु गिहिमोह मेल्हियइ जिणकुशलसूरि गुरु सेवियइ
लब्भइ जिम भव पारु ए २ ॥ अंचली ॥

श्रीशालिभद्र रेलुआ, आदि पदः —

राजगृही उद्यानपति क्रमि वीरु समसरिउ, धन एसउ सालिभद्दु ।
निय नियरिय मनु हरषियउं, त्रिभुवनगुरु पूछियउ वंदाविसु सुभद्दु ॥ १ ॥
तव तेय मुनि बेउ पांगुरिया धनु सालिभद्दु
विहरण चलिया निय जणणि हाथि तुह पारिसउ ॥ २ ॥ आंचली ॥

(३) गुरावली रेलुआ आदि पदः —

वसहिमग्गु जिणि पयडु करि सहि अणहिल पाटणि, वाइय जगि जस ढक्क ।
सो जिणेसरसूरिगुरुरयणमणि झायहिं जे नर, ते संसारह चुक्क ॥ १ ॥
नर जुगपहाण गुरुत्तरिय हारु, निय कंठि तउ तिय लोय सारु ।
ए मुक्तिरमणि जिमु तुम्ह वटेइ ॥ अंचली ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'रेलुआ' संज्ञक पांच रचनाएं

लेखकः श्रीयुत अगरचंदजी नाहटा

प्रत्येक वस्तुकी संज्ञाका कुछ न कुछ कारण होता है। उस संज्ञाकी अपनी परंपरा होती है जिसका अन्वेषण बडा रोचक और ज्ञानवर्द्धक होता है। साहित्यिक रचनाओंके नामोंके भी विविध प्रकार हैं। कई रचनाओंकी उसके आद्य पदसे प्रसिद्धि हो जाती है जैसे 'भक्तामर' 'कल्याणमंदिर' आदि। कई रचनाओंका नामकरण उनके विषय पर तथा कई रचनाओंका पदसंख्याके आधार पर। लोकभाषाकी रचनाओंमें उनके विशेष ढांचे-वर्ण्य-विषय, छंद आदिके आधारसे सैंकडों संज्ञाएं पायी जाती हैं। जैसे-फागु, वीवाहलउ, रास, भास, धवल, धमाल, चर्चरी, वेलि, संवाद, संधि, पवाड़ा आदि सैंकडों राजस्थानी एवं गूजराती भाषाकी जैन रचनाएं पायी जाती हैं। जिनमें से कुछ रचनाओंका परिचय मैंने एवं प्रो. हीरालाल रसिकदास कापड़ियाने जैन सत्यप्रकाश, जैन धर्म-प्रकाश, राजस्थानी, कल्पना, श्रमण आदिमें प्रकाशित किया है। ऐसी रचनाओंकी लगभग १२५ संज्ञाएं मैंने एकत्र की हैं जिनमेंसे कुछ पर अपने राजस्थान विश्वविद्यापीठ उदयपुरके सूर्यमल आसनमें दिये हुए भाषण—"राजस्थानी जैन साहित्य" शीर्षकमें प्रकाश डाला है। प्रस्तुत लेखमें एक ऐसी अप्रसिद्ध संज्ञावाली रचनाका परिचय दिया जा रहा है जिसका आज तक जैन गूर्जर कविओ आदि किसी ग्रंथमें उल्लेख देखनेमें नहीं आया।

बारह वर्ष हुए, जैसलमेरके ज्ञानभंडारोंका अवलोकन करनेके लिए हम प्रथम वार जब वहां पहुंचे तो वहांके बड़े ज्ञानभंडार आदिकी समस्त कृतियोंका भलीभांति अवलोकन कर कतिपय प्राचीन संग्रह प्रतियोंमेंसे प्राचीन राजस्थानीकी रचनाओंकी प्रतिलिपियां की। तभी सर्व प्रथम हमें 'रेलुआ' संज्ञक चार पांच रचनाओंकी उपलब्धि हुई जो सभी खरतरगच्छीय रचनायें हैं; और उनका रचना-काल सं. १३३१ से १३८९ के बीचका है। अभी तक इसके पहले और पीछेकी किसी शताब्दीकी इस संज्ञावाली रचना हमारे जाननेमें नहीं आयी।

'रेलुआ' संज्ञावाली प्राप्त रचनाओंमें उनके रचयिताओंने कहीं भी इस नामका प्रयोग नहीं किया है। उन रचनाओंके इस संज्ञाका उल्लेख प्रतिलेखन पुष्पिकामें पाया जाता है। प्राप्त सभी रचनाओंका छंद एक ही प्रकारका है, और लोकगीतोंकी भांति पहले पद्यके अनंतर प्रत्येक गाथाके बाद दुहरायी जानेवाली आंचळी' पायी जाती है, इससे रेलुआ नामक किसी लोकगीतकी चालमें इन गीतोंका निर्माण हुआ है और इसी कारण इन रचनाओंके अंतमें "रेलुआ" संज्ञाका प्रयोग कर दिया गया है। 'रेलुआ' को कहीं 'रेल्हुआ' भी लिखा है। ये लोकगीत मूलरूपमें क्या था, इसका पता लगाना आवश्यक है।

प्राप्त रचनाओंमें 'सालिभद्र रेलुआ' भगवान महावीरकालीन मुनिराजके संबन्धमें तथा अव-शिष्ट सभी खरतरगच्छाचार्यों या उनकी परंपरासे संबन्धित है। जैसलमेरके बडा उपाश्रय स्थित पंचायती भंडारमें सं. १४३७ वैशाख शु० २ खरतरगच्छाचार्य जिनराजसूरिजीके उपदेशसे व्य० देदाकी पुत्री मांकू श्राविकाने लिखायी हुई स्वाध्याय पुस्तिका लिखी थी जिसके प्रारंभ एवं मध्यके कई पत्र प्राप्त नहीं हैं, ये रेलुआ संज्ञक रचनाएं इसी प्रतिमें प्राप्त हुई हैं। प्राप्य रचनाओंकी सूची इस प्रकार हैः—

| | | | |
|---|---|---|---|
| १ जिनकुशलसूरि रेल्हुआ | गा. १० | जयधर्मगणि | पत्रांक ४१२ में |
| २ शालिभद्र रेलुआ | गा. ८ | | पत्रांक ४१४ |
| ३ गुरावली रेलुआ | गा. १३ | सोममूर्ति | पत्रांक ४३८ |

[ અનુસંધાન પૃષ્ઠ : ૧૯૨ જુઓ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ

## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only